dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 309 | AD - 2026, Shravan Sud -02 | Friday, Dt. 14-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### લોકસભાની કાર્યવાહી સ્થગિત થયા બાદ પણ વિપક્ષી સાંસદોએ પોતાનો વિરોધ ચાલુ રાખ્યો

# સંસદનું ચોમાસું સત્ર પૂર્ણ: હોબાળા વચ્ચે ૧૨ વિધેયક પસાર

નવી દિલ્હી,તા.૧૩

સંસદનું ચોમાસું સત્ર સતત વિરોધ પ્રદર્શનો અને હંગામા વચ્ચે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે. સત્રના અંતિમ દિવસે પણ શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેનો ગતિરોધ યથાવત રહ્યો હતો. લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોમાં ભારે હોબાળાને કારણે કામગીરી પ્રભાવિત થઈ હતી. અંતિમ દિવસે લોકસભામાં કાર્યવાહી શરૂ થતાં જ સ્પીકરે રાષ્ટ્રગીત અને 'વંદે માતરમ'ના સન્માનમાં ઊભા રહેવાની અપીલ કરી હતી, ત્યારબાદ ગૃહની કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી માટે મુલતવી રાખવામાં આવી હતી.

લોકસભાની કાર્યવાહી સ્થગિત થયા બાદ પણ વિપક્ષી સાંસદોએ પોતાનો વિરોધ ચાલુ રાખ્યો હતો. સમાજવાદી પાર્ટીના સાંસદોએ રામ મંદિર માટે મળેલા દાનમાં કથિત ગેરરીતિઓના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

કોંગ્રેસ સાંસદ તારિક અનવરે સરકાર પર ચર્ચા ટાળવાનો આક્ષેપ કરતા કહ્યું કે, ગૃહ ત્યારે જ સુચારુ રીતે ચાલી શકે જ્યારે શાસક પક્ષ અને વિપક્ષ સંવાદ કરે. સમગ્ર સત્ર દરમિયાન વડાપ્રધાન અને ગૃહમંત્રીની બિનહરકત હાજરી દર્શાવે છે કે સરકાર માટે સંસદીય મર્યાદાઓનું કોઈ મહત્વ નથી. આ ઉપરાંત જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી, NEET પેપર લીક અને



મલ્લિકાર્જુન ખડગેના ઉત્તરાખંડ પ્રવાસ બાદ ભાજપ દ્વારા કરવામાં આવેલી શુધ્ધિકરણ વિધિ જેવા મુદ્દાઓને લઈને પણ ગૃહમાં ભારે હંગામો જોવા મળ્યો હતો.

ભારે વિક્ષેપ છતાં, સરકારે ચોમાસા સત્ર દરમિયાન કાયદાકીય પ્રક્રિયા આગળ ધપાવી હતી. સત્ર દરમિયાન કુલ ૧૨ બિલો પસાર કરવામાં આવ્યા હતા. જાહેર પરીક્ષા (અયોગ્ય માધ્યમોનું નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬: આ બિલ પર લોકસભામાં વિગતવાર ચર્ચા થઈ હતી. તેમાં પેપર લીક અને પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે કડક સજાની જોગવાઈ છે. દોષિતો માટે ૫ થી ૧૦ વર્ષ સુધીની કેદ અને ભારે દંડ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

અન્ય મહત્વપૂર્ણ વિધેયકો: સત્ર દરમિયાન સુપ્રીમ કોર્ટ સુધારા બિલ, જન્મ અને મૃત્યુ નોંધણી સુધારા બિલ, MSME વિકાસ સુધારા બિલ, કેરળનું નામ બદલવાનું બિલ તેમજ ખાણ અને ખનીજ સુધારા બિલ પસાર કરવામાં આવ્યા હતા.

સત્રના સમાપન બાદ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઉત્પાદકતાની દ્રષ્ટિએ રાજ્યસભામાં ૩૯ ટકા કામગીરી થઈ હતી, જ્યારે લોકસભાની ઉત્પાદકતા માત્ર ૧૯ ટકા રહી હતી. રિજિજૂએ વિપક્ષ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, સરકાર તમામ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર હતી, પરંતુ વિપક્ષી સાંસદોએ ચર્ચાથી ભાગીને ગૃહનો કિંમતી સમય બગાડ્યો હતો. ૧૨ વિધેયકોનું પાસ થવું એ કાયદાકીય દ્રષ્ટિએ સિધ્ધિ છે, પરંતુ જે રીતે ગૃહનો સમય વિરોધ પ્રદર્શનોમાં વ્યય થયો તે સંસદીય લોકશાહી માટે ચિંતાજનક બાબત છે.

# લાલ કિલ્લા કાર બોમ્બ વિસ્ફોટ પાછળ અલ-કાયદાનો હાથ: યુએન રિપોર્ટ

નવી દિલ્હી,તા.૧૩

નવેમ્બર ૨૦૨૫માં દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ અંગે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની મોનિટરિંગ ટીમના ૩૮મા રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. યુએન રિપોર્ટ અનુસાર, આ આત્મઘાતી હુમલા પાછળ આતંકવાદી સંગઠન 'અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ' (AQIS) નો હાથ હતો, જેમાં ૧૧ લોકોના મોત થયા હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે AQIS



હવે વિખરાયેલું જૂથ નથી, પરંતુ એક સંગઠિત પ્રાદેશિક આતંકવાદી નેટવર્ક તરીકે ઉભરી રહ્યું છે. તે મોટા જૂથોને બદલે નાના અને ગુપ્ત સેલ (કોષો) દ્વારા કામગીરી કરે છે અને બાંગ્લાદેશમાં પોતાના આતંકવાદી ઠેકાણા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ યુએનના ૩૭મા રિપોર્ટમાં આ હુમલાનો સંબંધ જૈશ-એ-મોહમ્મદ સાથે જોડવામાં આવ્યો હતો. પરંતુ આ નવા રિપોર્ટમાં સ્પષ્ટપણે AQIS ની ભૂમિકાનો ઉલ્લેખ કરાયો છે. દિલ્હીના લાલ કિલ્લા પાસે હ્યુન્ડાઈ i૨૦ કારમાં વિસ્ફોટ કરનાર શંકાસ્પદ આત્મઘાતી બોમ્બર ઉમર નબી પણ માર્યો ગયો હતો. બીજી તરફ, રાઉસ એવન્યુ કોર્ટે આ કેસમાં એનઆઈએ (NIA)ની ૭,૫૦૦ પાનાની ચાર્જશીટ પર સંજ્ઞાન લેવા માટે ૨૭ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે, જેમાં ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# આસામ-અરુણાચલ સરહદે બીજા દિવસે પણ હિંસક અથડામણ થતા પોલીસનો હવામાં ગોળીબાર

ગુવાહાટી,તા.૧૩

આસામ અને અરુણાચલ પ્રદેશ સરહદે જમીન અતિક્રમણના વિવાદ વચ્ચે સ્થિતિ વધુ વણસી છે. આસામના મિસિંગ સમુદાયના વિદ્યાર્થી સંગઠન 'તકમ મિસિંગ પોરીન કેબાંગ' (TMPK) દ્વારા અરુણાચલ પ્રદેશ સામે શરૂ કરાયેલી અચોક્કસ મુદતની આર્થિક નાકાબંધીના બીજા દિવસે બંને પક્ષો વચ્ચે ભારે પથ્થરમારો અને ઝપાઝપી થઈ હતી. ભીડને કાબૂમાં લેવા માટે અરુણાચલ



પોલીસે હવામાં ૩ રાઉન્ડ ગોળીબાર કરવો પડ્યો હતો. હિંસાનું મુખ્ય કારણ સોમવારે આસામના ધેમાજી જિલ્લામાં સરહદી જમીન વિવાદને લઈને અરુણાચલ તરફના તોફાની તત્વો દ્વારા કરાયેલા કથિત ગોળીબારમાં આસામના ૧૨ ગ્રામજનો ઘાયલ થયા હતા. આ ઘટનાના વિરોધમાં આસામના સ્થાનિક જૂથોએ અરુણાચલ જતા તમામ વાહનો માટે રસ્તાઓ બંધ કરી નાકાબંધી શરૂ કરી હતી. ગુરુવારે નાકાબંધી દરમિયાન અરુણાચલના કેટલાક લોકોએ આસામી વિરોધકર્તાઓ પર પથ્થરમારો કરતા વાતાવરણ તંગ બન્યું હતું. બંને મુખ્યમંત્રીઓની શાંતિની અપીલ સ્થિતિની ગંભીરતા જોઈને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ શાંતિની અપીલ કરતા જણાવ્યું હતું કે, 'સરહદો રાજ્યોને અલગ કરી શકે છે, પરંતુ પેઢીઓથી ભાઈચારાથી રહેતા લોકોના દિલ વિભાજિત કરી શકતી નથી'.

### સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દિલ્હીના તમામ ખૂણે-ખૂણે ભારે પોલીસ બંદોબસ્ત

# સ્વતંત્રતા દિવસ પૂર્વે દિલ્હી અભેદ્ય કિલ્લામાં ફેરવાયુ

**સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા ચુસ્ત નજર**

નવી દિલ્હી,તા.૧૩

૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા ખાતે યોજાનારા ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે આજે ૧૩ ઓગસ્ટના રોજ દિલ્હીમાં ફુલ ડ્રેસ રિહર્સલ



યોજાયું હતું. આ કાર્યક્રમની સુરક્ષા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને સમગ્ર રાષ્ટ્રીય રાજધાનીને એક અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવામાં આવી છે.

સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દિલ્હીના તમામ ખૂણે-ખૂણે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આયા નગર સરહદ સહિત દિલ્હીના તમામ પ્રવેશદ્વારો અને સંવેદનશીલ વિસ્તારોમાં બેરિકેડ્સ લગાવીને વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા અને સમગ્ર ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે હેતુથી આ કડક પગલાં લેવાયા છે.

દિલ્હી પોલીસ દ્વારા ૧૨ ઓગસ્ટે જ એક ખાસ ટ્રાફિક એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. આ સલાહકારમાં ખાસ કરીને લાલ કિલ્લાની આસપાસના મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર ટાળવા અને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા સમગ્ર દિલ્હીમાં ચુસ્ત નજર રાખવામાં આવી રહી છે.

# અપ્રમાણસર સંપત્તિ કેસ મામલે રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ પહોંચ્યા


નવી દિલ્હી,તા.૧૩

અપ્રમાણસર સંપત્તિના આરોપો અંગે CBI અને EDને તપાસ કરવાનો આદેશ આપતા અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયને લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ભાજપના એક કાર્યકર્તાની ફરિયાદના આધારે હાઈકોર્ટે તપાસ એજન્સીઓને જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો હતો. આ સિવાય રાહુલ ગાંધીએ આ કેસને અલ્હાબાદ હાઈકોર્ટમાંથી દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની માંગ કરતી અરજી પણ દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટમાં ૧૭ ઓગસ્ટે આ મામલે સુનાવણી થવાની શક્યતા છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૧૪-૦૮-૨૦૨૬

**ભક્તોએ ભગવાન શિવ સર્વેના મનોરથ પૂર્ણ કરે તેવી ભાવના સાથે શ્રધ્ધાપૂર્વક પૂજા કરી**

# અમરેલી જિલ્લામાં શ્રાવણ માસમાં શિવાલયોમાં ભાવિકોની ભીડ

**હર-હર મહાદેવના નાદથી સમગ્ર જિલ્લો ગુંજી ઉઠ્યો**

અમરેલી,તા.૧૩

ભક્તિમાં ભીંજવતો પવિત્ર શ્રાવણ માસનો ગુરૂવારથી પ્રારંભ થયો છે. શ્રાવણ માસને ભગવાન શિવજીની આરાધના અને ઉપાસના માટેનો પવિત્ર માસ માનવામાં આવે છે. શ્રાવણ માસના પ્રારંભ સાથે જ અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં આવેલા શિવાલયોમાં ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી અને હર-હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા.અમરેલી શહેરમાં આવેલા સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ, કામનાથ મહાદેવ સહિતના શિવમંદિરોમાં વહેલી સવારથી જ ભક્તો દર્શન માટે પહોંચ્યા હતા. ભક્તોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી જળાભિષેક, દુધાભિષેક તેમજ બિલીપત્ર અર્પણ કરી પૂજન-અર્ચન કર્યું હતું. અનેક ભક્તોએ ભગવાન શિવજીને વિવિધ રીતે રીઝવી



વિશ્વશાંતિ અને પરિવારની સુખ-સમૃધ્ધિ માટે પ્રાર્થના કરી હતી. નાગનાથ મહાદેવ અને કામનાથ મહાદેવ સહિતના નાના-મોટા શિવમંદિરોમાં આખો દિવસ ભક્તોનો જમાવડો જોવા મળ્યો હતો. મંદિરના ગર્ભગૃહમાં ભક્તોએ ભગવાન શિવને દૂધ અને જળનો અભિષેક કરી બિલીપત્ર, ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી હતી. ભક્તોએ ભગવાન શિવ સર્વેના મનોરથ પૂર્ણ કરે તેવી ભાવના સાથે શ્રધ્ધાપૂર્વક પૂજા કરી હતી. બગસરા શહેરમાં આવેલા પૌરાણિક બગેશ્વર મહાદેવ, ભૂતનાથ મહાદેવ અને રત્નેશ્વર મહાદેવ મંદિરોમાં પણ શ્રાવણ માસના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મંદિરોમાં ભક્તોએ ભગવાન શિવના દર્શન કરી પૂજન-અર્ચન કર્યું હતું. શ્રાવણ માસ દરમિયાન આગામી દિવસોમાં પણ શિવાલયોમાં ભક્તોની ભીડ રહેવાની સંભાવના છે. અમરેલી જિલ્લાના તમામ તાલુકા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા શિવમંદિરોમાં પણ શ્રધ્ધાળુઓએ ભગવાન ભોળાનાથની આરાધના કરી હતી. શ્રાવણ માસના આગમન સાથે સમગ્ર અમરેલી જિલ્લો જાણે શિવમય બની ગયો હોય તેવો ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

# અમરેલી ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર તિરંગા યાત્રામાં ભાગ લીધો

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. ૧૫ ઓગસ્ટની ભવ્ય ઉજવણી અંતર્ગત અમરેલી શહેરમાં તિરંગા રેલી તથા શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકો




જોડાયા હતા. વિદ્યાર્થીઓએ શસ્ત્ર પ્રદર્શન નિહાળી ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. ગજેરા કેમ્પસમાં પણ તિરંગા રેલી માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. રેલી દરમિયાન 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, એકતા, શિસ્ત અને દેશ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા સહિત આગેવાનોએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી.

# ખાંભામાં નાનુડી નદી ખાતે વિશાળ સમૂહ સફાઈ અભિયાન હાથ ધરાયુ

અમરેલી, તા.૧૩

ખાંભાના પ્રસિધ્ધ માનકેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલી નાનુડી નદી ખાતે વિશાળ સમૂહ સફાઈ અભિયાન યોજાયું હતું. નદીની સ્વચ્છતા જાળવવા અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાના હેતુથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. 'ધર્મ અને સેવાના કાર્યમાં સૌ



જોડાઈએ'ના ભાવ સાથે યોજાયેલા આ અભિયાનમાં ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા સહિત સમગ્ર પોલીસ સ્ટાફ જોડાયો હતો. પોલીસ કર્મચારીઓએ સફાઈ કામગીરીમાં શ્રમદાન કરી અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરણા આપી હતી. આ ઉપરાંત એડવોકેટ રાજુભાઈ હરીયાણી, ખાંભાના સેવાભાવી યુવાનો તેમજ શિવભક્તોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ મળીને નદી અને આસપાસના વિસ્તારમાંથી કચરો દૂર કરી સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ કર્યો હતો. અભિયાનથી નદી વિસ્તાર સ્વચ્છ બન્યો હતો અને સ્થાનિકોમાં પણ સ્વચ્છતા અંગે જાગૃતિ જોવા મળી હતી.

## અમરેલી એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું ઉષ્માભર્યુ સ્વાગત



અમરેલી એરપોર્ટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું આગમન થતા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ. જે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા ભાજપ અતુલ કાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલના આગમનને લઈને એરપોર્ટ ખાતે જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. મહાનુભાવોએ રાજ્યપાલનું સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી. અમરેલી એરપોર્ટ ખાતે ટૂંકા રોકાણ દરમિયાન સ્થાનિક અધિકારીઓ અને આગેવાનો સાથે મુલાકાત કર્યા બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત બોટાદ જવા માટે રવાના થયા હતા.

# ગારિયાધારમાં પતિએ પત્નીને ગાળો બોલી ઢીકાપાટુ માર્યા

**સાવરકુંડલા આવી ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા. ૧૩

ગારિયાધારમાં પતિએ પત્નીને ગાળો બોલી ઢીકાપાટુ માર્યા હતા. આ અંગે સાવરકુંડલામાં રહેતા ફાતેમાબેન સબીરશા ખોખર (ઉ.વ.૩૦) એ ગારિયાધારમાં રહેતા રિજવાનભાઈ રૂસ્તમભાઈ શેખ સામે ફરિયાદ કરી હતી. જે મુજબ આરોપી પતિએ તેને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યો હતો, તેમજ ઘરકામ અને કરિયાવર બાબતે મેણા-ટોણા મારી, ગાળો બોલી શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં 'આઈ લવ ભારતમાતા'ના બાઈક પર સ્ટીકર લગાવી દેશપ્રેમ ઉજાગર કર્યો

બગસરા,તા.૧૩

બગસરા નાગરિશ સહકારી મંડળીના જનરલ એમ.ડી. નિતેશ ડોડીઆ દ્વારા લોકોમાં દેશભક્તિ ઉજાગર કરવા માટે મોટરસાયકલ પર 'આઈ લવ ભારતમાતા'ના સ્ટીકર લગાડવામાં આવ્યા હતા. આ અંગે નિતેશ ડોડીઆએ જણાવ્યું હતું કે, તિરંગા યાત્રા બાદ લોકોમાં દેશપ્રેમની ભાવના



વધુ કેળવાય તે માટે મોટરસાયકલ પર સ્ટીકર લગાડવામાં આવ્યા હતા. 'આઈ લવ ભારતમાતા'ના સ્ટીકર બાઈક પર લગાડવામાં આવતા શહેરમાં દેશભક્તિનું અનોખુ વાતાવરણ જોવા મળ્યુ હતુ.

# લીલીયાના કુતાણામાં કોમ્યુનિટી હોલ અને લોકીમાં બસ સ્ટેન્ડનું લોકાર્પણ

અમરેલી,તા.૧૩

લીલીયા તાલુકાના કુંતાણા ગામે નવનિર્મિત કોમ્યુનિટી હોલ તથા લોકી ગામે બસ સ્ટેન્ડનું લોકાર્પણ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કુંતાણા ખાતે કોમ્યુનિટી હોલની સુવિધા ઉપલબ્ધ થતાં ગ્રામજનોને સામાજિક અને સાર્વજનિક પ્રસંગો માટે ઉપયોગી સુવિધા મળશે. જ્યારે લોકી ગામે બસ સ્ટેન્ડનું નિર્માણ થતાં મુસાફરો તેમજ વિદ્યાર્થીઓને



વાહનવ્યવહારમાં મોટી રાહત મળશે. આ પ્રસંગે ભીખાભાઈ ધોરાજીયા, ચતુરભાઈ કાકડિયા, કુંતાણા ગામના સરપંચ તથા મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, લોકી ગામના સરપંચ કિરીટભાઈ સોળીયા, તાલુકા પંચાયત સદસ્ય રણજીતભાઈ ખુમાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ATDO જીગુબેન યાજ્ઞિક, તાલુકા પંચાયત એન્જિનિયર રૂક્સાનાબેન પઠાણ, બંને ગ્રામ પંચાયતના સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અમરેલી સાયબર ક્રાઈમ ટીમને 'સાયબર કોપ ઓફ ધ મંથ' એવોર્ડ

અમરેલી,તા.૧૩

અમરેલી સાયબર ક્રાઈમ ટીમને મે અને જૂન ૨૦૨૬ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'સાયબર કોપ ઓફ ધ મંથ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક (DGP) દ્વારા ટીમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. SP સંજય ખરાતની સૂચના હેઠળ ટીમે આધુનિક ટેકનોલોજીની મદદથી સાયબર ગુનાઓ અટકાવવા અને વણશોધાયેલા કેસો



ઉકેલવામાં કામગીરી કરી હતી. મે-જૂન દરમિયાન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને ઓપરેશન મ્યુલ હન્ટના ગુનાઓમાં કુલ ૧૧ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતના વિવિધ જિલ્લાઓના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ચાર વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલાયો હતો. NCCRP પોર્ટલ પર મળેલી ૪૩૨ ફરિયાદોના આધારે રૂ.૨૮,૫૬,૯૯૭ ફ્રીઝ કરી રૂ.૬,૨૦,૩૫૭ રિકવર કરવામાં આવ્યા હતા. PI કે.એલ. ખટાણા સહિતની ટીમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
LIMITED TIME
CASH DISCOUNT OFFER
Hero DESTINY 125cc — CASH DISCOUNT ₹3,000
Hero PLEASURE+ — CASH DISCOUNT ₹3,000
Hero DESTINI 110cc — CASH DISCOUNT ₹2,100
VISIT SHOWROOM TODAY
*T&C Apply
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

|| શ્રી ગણેશાય નમઃ ||   || શ્રી ૧૧ ||   || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**તત્કાલિન પોલીસ વડા નિર્લીપ્ત રાયના હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો**

# બગસરામાં તિરંગા યાત્રાના ફોટોસેશન બાદ તિરંગા ચોકમાંથી તિરંગો ગાયબ

બગસરા,તા.૧૩

સમગ્ર રાજય સહિત અમરેલી જિલ્લામાં જોરશોરથી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાની સાથે બગસરામાં પણ તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. રાજકિય આગેવાનોએ તિરંગો હાથમાં લઈ ફોટોસેશન પણ કરાવ્યું હતુ પરંતુ તિરંગા ચોકમાં આવેલા ૬૦ ફુટ વિશાળ પોલ પરથી તિરંગો જ ગાયબ હોવાથી તિરંગા યાત્રાને લઈ લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો.

બગસરામાં આજે આગેવાનોની હાજરીમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. ગણ્યાગાંઠ્યા આગેવાનોની હાજરીમાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં હાજર રહેલા આગેવાનોએ તિરંગો હાથમાં લઈ દેશદાઝ દેખાડી હતી પરંતુ તત્કાલિન જિલ્લા પોલીસ વડા નિર્લીપ્ત રાયના હસ્તે ૬૦ ફુટ ઉંચા પોલ પરથી છેલ્લાં ઘણા સમયથી તિરંગો જ ગાયબ હોવાથી આ પોલ પર તિરંગો ફરકાવવા માટે કોઈ આગેવાનો પાસે સમય ન હોવાનું સામે આવતા તિરંગા યાત્રાને લઈ શહેરીજનોમાં સવાલો ઉભા થયા છે. આ બાબતે આગેવાનોનું ધ્યાન દોરતા તેમણે પણ આ બાબતે કોઈ ગંભીરતા લીધી નહોતી. આમ, તિરંગા યાત્રાને લઈ આગેવાનો પ્રત્યે શહેરીજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે.આમ, તિરંગા યાત્રામાં એકઠા થયેલા આગેવાનોમાંથી કોઈ પોલ પર તિરંગો ફરકાવી દેશપ્રેમની ભાવના દેખાડે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.


તસવીર : મયૂર પંડ્યા

**૬૦ ફુટ ઉંચા પોલમાં તિરંગો લહેરાવાને બદલે ગાયબ થયો**

# રાજય સહિત અમરેલી જિલ્લામાં તલાટીઓની હડતાળથી ગ્રામ્ય વિસ્તારોમાં કામગીરી ઠપ્પ

અમરેલી,તા.૧૩

ગુજરાત રાજ્યમાં તલાટીઓની હડતાળને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી કામગીરી પ્રભાવિત થઈ છે. સાવરકુંડલા તાલુકા પંચાયતના સભ્ય નિર્મળ વાટલિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. તલાટીઓની હડતાળના કારણે જન્મ-મરણ નોંધણી, આવક, જાતિ અને રહેઠાણના પ્રમાણપત્રો જેવી મહત્વની કામગીરી અટકી પડી છે. સરકારી યોજનાઓના લાભ મેળવવા તથા પંચાયત કચેરીના વિવિધ કામોમાં પણ લોકોને મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને ગરીબ, વૃધ્ધો, મહિલાઓ અને ખેડૂતોને હાલાકી ભોગવવી પડી રહી છે. વાટલિયાએ હડતાળ અંગે તાત્કાલિક ચર્ચા કરી ઉકેલ લાવવા તેમજ ગ્રામ પંચાયતની કામગીરી ચાલુ રહે તે માટે વૈકલ્પિક કર્મચારીઓની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. ઉપરાંત પેન્ડિંગ અરજીઓના નિકાલ માટે વિશેષ કેમ્પ યોજવા પણ રજૂઆત કરી છે.

**તાલુકા સદસ્ય નિર્મળ વાટલિયાની મુખ્યમંત્રીને રજૂઆત**

# બાબરાના અમરાપરામાં શ્રાવણ માસે સીતારામ ધુન મંડળની પ્રભાતફેરીનો પ્રારંભ


તસવીર : વિજય માળી

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાના અમરાપરા ગામમાં શ્રાવણ માસના પ્રારંભ સાથે સીતારામ ધુન મંડળ દ્વારા પ્રભાતફેરીની શરૂઆત કરવામાં આવી છે. ગામના નાના-મોટા સૌ કોઈ વડીલો સહિત ભક્તિભાવથી જોડાઈ રહ્યા છે. સીતારામના જયઘોષ અને ધૂન-કીર્તનથી ગામનું વાતાવરણ ભક્તિમય બન્યું છે. મંડળ દ્વારા વિવિધ મંદિરોમાં દાન-સેવા સહિત ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પણ યોગદાન આપવામાં આવે છે. પ્રમુખ ધીરુભાઈ સતાણી સહિત સમગ્ર ટીમની મહેનત અને સેવાભાવની પ્રશંસા થઈ રહી છે.

# લાઠીના જરખિયા ગામે ૩૮ તોલા સોનાના ઘરેણાં તથા તેનો સાચો હિસાબ ન આપીને ભાઈએ સગા ભાઈ સાથે વિશ્વાસઘાત કર્યો

**નાના ભાઈએ સગા મોટા ભાઈ સામે ફરિયાદ નોંધાવી**

લાઠી, તા. ૧૩

લાઠીના જરખિયા ગામે ૩૮ તોલા સોનાના ઘરેણાં તથા તેનો સાચો હિસાબ ન આપીને વિશ્વાસઘાત કરવા બદલ નાના ભાઈએ સગા મોટા ભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

હાલ મોરબીમાં રહેતા મૂળ જરખિયા ગામના પ્રાગજીભાઈ મધુભાઈ બરવાળિયા (ઉ.વ.૫૫) એ શંભુભાઈ મધુભાઈ બરવાળિયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના તથા પરિવારજનોના આશરે ૪૦ તોલા સોનાના ઘરેણાં ગોલ્ડ લોન મેળવવા માટે પોતાના મોટા ભાઈ એવા આરોપી શંભુભાઈ મધુભાઈ બરવાળિયાને વિશ્વાસે આપેલા હતા. આરોપી મોટા ભાઈએ પોતાના આશરે ૧૫ થી ૧૬ તોલા સોનાના ઘરેણાં સાથે સદરહું ઘરેણાં યુકો બેંક, લાઠી શાખામાં પોતાના નામે ગિરવે મૂકી તા. ૧૧/૦૪/૨૦૧૮ના રોજ રૂ. ૮,૬૦,૦૦૦ની ગોલ્ડ લોન લીધી હતી. મંજૂર થયેલી લોનની રકમમાંથી રૂ. ૬,૦૦,૦૦૦ તેઓ મોરબી ખાતે પોતાના ધંધા માટે લઈ ગયા હતા અને બાકીના રૂ. ૨,૬૦,૦૦૦ આરોપીએ પોતાના ધંધા માટે રાખ્યા હતા.

ત્યારબાદ આરોપીએ તેમની આશરે બે તોલાની એક સોનાની ચેન પરત આપી હતી, જ્યારે બાકીના આશરે ૩૮ તોલા સોનાના ઘરેણાં તથા તેનો સાચો હિસાબ વારંવારની માગણી કરવા છતાં પરત આપ્યા નહોતા. તેમજ બેંક લોન ટ્રાન્સ્ફર કરવા અંગે જણાવવા છતાં તે પણ ન કરીને વિશ્વાસઘાત કર્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ કરાઈ ઉજવણી

સાવરકુંડલા,તા.૧૩


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ઉજવણી અંતર્ગત ચિત્ર, રંગોળી, નિબંધ, ક્વિઝ, ચેસ, વક્તૃત્વ અને વેશભૂષા સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત ભવ્ય ત્રિરંગા રેલી યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો જોડાયા હતા. વંદે માતરમ અને ભારત માતા કી જયના નારાઓથી કેમ્પસ ગુંજી ઉઠ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓને અભિનંદન પાઠવાયા હતા.

# બાબરાના કીડી ગામના યુવક સામે સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કર્યાની ફરિયાદ

**સગીરાના પિતાએ નામજોગ યુવક સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૧૩

બાબરાના કીડી ગામના યુવક સામે સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવાની ફરિયાદ નોંધાઈ છે. મૂળ છોટાઉદેપુર જિલ્લાના વતની અને શીરવાણીયા ગામની સીમમાં ખેતમજૂરી કરતા સગીરાના પિતાએ કીડી ગામના પરેશભાઈ હિંમતભાઈ ગોલાણી સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેઓ બાબરા ખાતે ખરીદી કરવા તથા અલગ-અલગ જગ્યાએ મજૂરીકામ કરવા જતા હતા, તે દરમિયાન આરોપી અવારનવાર તેમની વાડીએ આવતો હતો. આરોપીએ સગીર દીકરી પર બળજબરીથી અવારનવાર શારીરિક સંબંધ બાંધી જાતીય દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત, આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી સગીરાનું વાલીપણામાંથી અપહરણ કર્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.આર. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સાવરકુંડલામાંથી ૪ જુગારી ઝડપાયા

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલામાંથી પોલીસે ૪ જુગારીને ઝડપી પાડ્યા હતા. મહાવીરસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, અજયભાઈ હસમુખભાઈ ડુબાણીયા, હરેશભાઈ બાબુભાઈ મકવાણા તથા અજયભાઈ અશોકભાઈ વાળોદરા જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા કુલ રોકડા રૂ.૧૧,૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## બાબરાના વાવડી ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

બાબરા, તા.૧૩

બાબરાના વાવડી ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે ભરતભાઈ શંભુભાઈ રાદડીયાએ જાહેરાત કર્યા મુજબ પ્રિયાંશીબેન ભરતભાઈ રાદડીયા (ઉ.વ.૨૧) પોતાની મેળે ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતા રહી હતી. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વને લઈ કાયદો અને વ્યવસ્થા જાળવવા જાહેરનામુ

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં તા. ૧૫ ઓગસ્ટે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામું તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ સુધી અમલી રહેશે. જાહેરનામા મુજબ શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ તથા ઈજા પહોંચાડી શકાય તેવી વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. વિસ્ફોટક પદાર્થો લઈ જવા તેમજ ઉશ્કેરણીજનક ભાષણ, ચાળા, ચિત્રો કે નિશાનીઓ પ્રદર્શિત કરવા પર પણ મનાઈ રહેશે. પૂર્વ મંજૂરી વગર સભા, મંડળી કે સરઘસ કાઢી શકાશે નહીં. લાઉડ સ્પીકર માટે પણ તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની પરવાનગી જરૂરી રહેશે. ફરજ પરના પોલીસ, હોમગાર્ડ, સરકારી કર્મચારીઓ, અશક્ત વ્યક્તિઓ તથા વરઘોડા અને સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ નહીં પડે. ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.












### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૫૯/૨૦૨૬

અરજદારશ્રી :- બાળધીયા મંગાભાઈ માધાભાઈ
સરનામું :- રે.શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ
તા.જાફરાબાદ જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **શિયાળબેટ** ગામના શ્રી **બાળધીયા મંગાભાઈ માધાભાઈ** એ તેમના **પિતા નામે માધાભાઈ દેસુરભાઈ બાળધીયા નું મરણ તા.૨૦/૦૪/૨૦૦૧ તથા માતા** નામે **રતનબેન માધાભાઈ બાળધીયા નું મરણ તા.૦૨/૧૨/૨૦૦૬** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૬૧/૨૦૨૬

અરજદારશ્રી :- મકવાણા રમેશભાઈ મેપાભાઈ
સરનામું :- રે.લોઠપુર તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી-લોઠપુર
તા.જાફરાબાદ જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **લોઠપુર** ગામના શ્રી **મકવાણા રમેશભાઈ મેપાભાઈ** એ તેમના **પિતા** નામે **શ્રી મકવાણા મેપાભાઈ ઉકાભાઈ નું તા.૧૨/૦૮/૧૯૯૭** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૬૨/૨૦૨૬

અરજદારશ્રી :- શિયાળ નરેશભાઈ ભાણાભાઈ
સરનામું :- રે.શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ,
તા.જાફરાબાદ જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **શિયાળબેટ** ગામના શ્રી **શિયાળ નરેશભાઈ ભાણાભાઈ** એ તેમના **બહેન** નામે **શ્રી મનીષાબેન ભાણાભાઈ શિયાળ નો તા.૨૦/૦૧/૧૯૯૭** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૮૮/૨૦૨૬

અરજદારશ્રી :- ગોકુળભાઈ ધીરૂભાઈ ભાલાળા
સરનામું :- રે.ટીંબી તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી-ટીંબી
તા.જાફરાબાદ જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **ટીંબી** ગામના શ્રી **ગોકુળભાઈ ધીરૂભાઈ ભાલાળા** એ તેમના **પુત્રી** નામે **શ્રી દર્શિકા ગોકુળભાઈ ભાલાળા નો તા.૨૬/૦૪/૨૦૧૧** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**રાજુલા-જાફરાબાદ પર્યાવરણ જંગલ બચાવ સમિતિ દ્વારા**

# જંગલની જમીન ફાળવણી રદ થતાં સરકારનો આભાર માન્યો

**જંગલ ખાતાની ૭૫.૯૪ હેક્ટર જમીન અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે ફાળવવામાં આવી હતી**

રાજુલા,તા.૧૩

રાજુલા-જાફરાબાદ પર્યાવરણ જંગલ બચાવ સમિતિ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન મંત્રી અર્જુન મોઢવાડિયાને આભાર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. તાજેતરમાં જંગલ ખાતાની ૭૫.૯૪ હેક્ટર જમીન અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે ફાળવવામાં આવી હતી. આ નિર્ણયના વિરોધમાં સિંહ દિવસ નિમિત્તે સમિતિએ રજૂઆત કરી હતી. આ જમીનમાં મોટી સંખ્યામાં વૃક્ષો તેમજ પક્ષીઓ, પશુઓ, વન્યપ્રાણીઓ અને સિંહોની


તસવીર : ગોપાલ રાઠોડ

અવરજવર હોવાથી પર્યાવરણને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. સરકાર દ્વારા જમીન ફાળવણી રદ કરવામાં આવતા સમિતિએ પેંડા વહેંચી ખુશી વ્યક્ત કરી હતી. સાથે જ સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા અધિકારીઓ સામે સખત કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પર્યાવરણને નુકસાન પહોંચાડતા પ્રોજેક્ટોને મંજૂરી ન મળે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેતન વ્યાસ, અનક સાખટ, વિપુલ લહેરી, કાળુભાઈ વાઘ, હરસુરભાઈ રામ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રક્ષાબંધન નિમિત્તે ટપાલ વિભાગની ખાસ પહેલ, અમરેલી હેડ પોસ્ટ ઓફિસે ૨૪ કલાક કાઉન્ટરની સુવિધા

અમરેલી,તા.૧૩

ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને સ્નેહના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે લોકો પોતાના રાખડીના પેકેટને વધુ ઝડપથી અને સુરક્ષિત રીતે મોકલી શકે તે માટે ભારતીય ટપાલ વિભાગ દ્વારા "રાખી મેઈલ" પર ૧૦ ટકા વિશેષ ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના ૧૨ ઓગસ્ટ ૨૦૨૬થી અમલમાં આવી છે અને દર વર્ષે રક્ષાબંધનના ૧૫ દિવસ પહેલા સિસ્ટમમાં સક્રિય કરવામાં આવશે. આ યોજના હેઠળ રાખડીના પેકેટનું સ્પીડ પોસ્ટ દ્વારા બુકિંગ કરાવનાર ગ્રાહકોને ૧૦ ટકા ડિસ્કાઉન્ટનો લાભ મળશે. અમરેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે ગ્રાહકોની સુવિધા માટે ૨૪ કલાક કાઉન્ટરની ખાસ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ડિસ્કાઉન્ટ માત્ર ઈન્ટરનેશનલ સ્પીડ પોસ્ટ દસ્તાવેજ આર્ટિકલ્સ માટે લાગુ રહેશે.ગ્રાહકોએ રાખડી બુક કરાવતા સમયે આગમનના ભાગ પર સ્પષ્ટ રીતે "Rakhi Mail" લખવાનું રહેશે. કાઉન્ટર ઓપરેટર કવર ખોલ્યા વગર બહારથી તપાસ કરી તેમાં રાખડી હોવાની ખાતરી કર્યા બાદ બુકિંગ કરશે. એક ગ્રાહક એક સમયે વધુમાં વધુ ૫ સ્પીડ પોસ્ટ આર્ટિકલ બુક કરાવી શકશે. આ ડિસ્કાઉન્ટ માત્ર પોસ્ટ ઓફિસના કાઉન્ટર પરથી રિટેલ બુકિંગ માટે જ માન્ય રહેશે. ટપાલ વિભાગે નાગરિકોને આ સેવાનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે.

# ચમારડી નજીક પાતાદાદાના મંદિર પાસેથી દેશી દારૂની ખેપ ઝડપાઈ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. ચમારડી ગામથી વલારડી ગામે જતા રસ્તે આવેલ પાતાદાદાના મંદિર પાસેથી દેશી દારૂની ખેપ ઝડપાઈ હતી. પરેશભાઈ માવજીભાઈ વેકરિયા (ઉં.વ.૨૯) તથા મનુભાઈ પોલાભાઈ વણોદિયા (ઉં.વ.૪૦) મોટરસાઈકલ લઈને નીકળતા પોલીસે તેમને અટકાવી તલાશી લીધી હતી, જેમાંથી ૧૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૩૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ સિવાય ભુખલી સાથળી ગામેથી ૨ લીટર, ચાંદગઢ ગામેથી ૨ લીટર તથા વાંકિયા ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. તેમજ જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા મળી આવ્યા હતા.

# અમરેલીમાં યોજાયેલી હેરિટેજ વોકમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા

અમરેલી,તા.૧૩

અમરેલી ખાતે ૧૫ ઓગસ્ટના રોજ રાજ્યકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧થી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી યોજાઈ રહી છે. ત્યારે ૧૦ ઓગસ્ટે સવારે ૯ કલાકે અમરેલી શહેરમાં હેરિટેજ વોક યોજાઈ હતી. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ મળી આશરે ૨૦૦ લોકો જોડાયા હતા. હેરિટેજ વોક દરમિયાન વિદ્યાર્થીઓએ



અમરેલીના ઐતિહાસિક રાજમહેલની મુલાકાત લીધી હતી. ડૉ. કેતન કાનપરિયાએ રાજમહેલનો ઈતિહાસ, સ્થાપત્ય અને અમરેલીની ઐતિહાસિક વિરાસત અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમ થકી યુવા પેઢીને ઐતિહાસિક ધરોહર અને સંસ્કૃતિથી પરિચિત કરાવી વારસાના જતનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# લાઠી તાલુકાના સુવાગઢ ગામની સીમમાં યુવક સાથે ઝપાઝપી કરી ગાળો આપી

લાઠી, તા.૧૩

લાઠીના સુવાગઢ ગામની સીમમાં યુવક સાથે ઝપાઝપી કરી ગાળો આપવામાં આવી હતી. આ બનાવ અંગે હાર્દિકભાઈ મુકેશભાઈ ડાભી (ઉ.વ.૧૯) નામના યુવકે ગઢડાના વિકળીયા ગામના સચિનભાઈ પરેશભાઈ મકવાણા, સાહિલભાઈ મુનાભાઈ મકવાણા તથા મુકેશભાઈ મુળજીભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, સાહિલભાઈ મકવાણાની બહેનને ફરિયાદીના મિત્ર હાર્દિકભાઈ જેન્તીભાઈ પડાયા સાથે પ્રેમ સંબંધ હતો, જેથી તે તેને લઈને જતો રહ્યો હતો. હાર્દિક ડાભી પોતાના મિત્ર હાર્દિક પડાયાના સંપર્કમાં હોવાનું માનીને આરોપીઓએ લાકડી વડે તેને કમરના નીચેના ભાગે માર માર્યો હતો અને જેમ-ફાવે તેમ ગાળો આપી હતી. આ ઉપરાંત ત્રણેય આરોપીઓએ તેની સાથે ઝપાઝપી કરી ધક્કો મારતાં તેને ડાબા પગના ગોઠણે મૂંઢ ઈજા થઈ હતી.

**પોલીસ સ્ટેશન નજીક બનેલી ઘટના**

# ચલાલામાં 'જમીન ભૂલી જા, નહીંતર ૧૦ લાખ આપ' કહી ખંડણી માંગી ગાળો આપી

ચલાલા, તા. ૧૩

ચલાલા પોલીસ સ્ટેશન પાસે એક યુવકને "ધર્મેન્દ્રભાઈની જમીન ભૂલી જા, નહીંતર રૂપિયા ૧૦ લાખ આપી દે" તેમ કહી ખંડણી માંગી ગાળો આપવામાં આવી હતી. આ ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.આ અંગે ચલાલામાં રહેતા સૂર્યવીરસિંહ દિલુભાઈ વાળા (ઉં.વ. ૪૨)એ ધર્મેન્દ્રભાઈ મનસુખભાઈ ગજેરા (રહે. ગોંડલ), ઉપેન્દ્રભાઈ વલકુભાઈ વાળા (રહે. મીઠાપુર-ડુંગરી) અને મયુરભાઈ નામના વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમની ખેતીલાયક વાડી કરેણ ગામમાં આવેલી છે, જેને અડીને જ આરોપી ધર્મેન્દ્રભાઈ મનસુખભાઈ ગજેરાની વાડી આવેલી છે. આ જમીન બાબતે આરોપીએ તેમને પોતાની જમીનમાં વાવેતર ન કરવા અને ટ્રેક્ટર ન ચલાવવા અંગે ગર્ભિત ધમકી આપી હતી.આ બાબતે તેઓ ચલાલા પોલીસ સ્ટેશને રજૂઆત કરવા આવ્યા ત્યારે, આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી ફોર-વ્હીલર કાર પૂરઝડપે અને બેફામ રીતે ચલાવીને મારી નાખવાના ઈરાદા સાથે તેમની એક્ટિવા સાથે અથડાવી હતી. જેના કારણે તેમને ડાબા પગના પંજા પર ઈજા પહોંચી હતી.

ત્યારબાદ ઉપેન્દ્રભાઈ વાળાએ ગાડીમાંથી નીચે ઊતરી, લોખંડનો પાઈપ કાઢીને તેમને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો અને "ધર્મેન્દ્રભાઈની જમીન ભૂલી જા, નહીંતર રૂપિયા ૧૦ લાખ આપી દે" તેવી ખંડણી માંગી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ચલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ આર. એચ. રતન વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

# અમરેલીમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં રાજ્યકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત તા. ૧થી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી યોજાઈ રહી છે. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા તા. ૫થી ૧૦ ઓગસ્ટ દરમિયાન પ્રાથમિક શાળાઓમાં ચિત્ર, નિબંધ, વક્તૃત્વ, ક્વિઝ, મહેંદી અને રંગોળી સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થીઓએ તા. ૧૧ ઓગસ્ટે સરસ્વતી વિદ્યાલય, અમરેલી ખાતે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિના અધ્યક્ષસ્થાને



યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજનનું સંકલન જિલ્લા નોડલ અધિકારી જી.એમ. સોલંકીએ કર્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૧૪-૦૮-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૯,
સૂર્યાસ્ત-૦૭:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૪-૦૮-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે.

કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃધ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે.

# સાવરકુંડલા પાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળો અટકાવવા ડીડીટીનો છંટકાવ

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા શહેરમાં મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા અને નગરજનોના આરોગ્યની સુરક્ષા માટે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ડીડીટીનો છંટકાવ શરૂ કરવામાં આવ્યો છે. નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાના


તસવીર : સૌરભ દોશી

હસ્તે છંટકાવની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આયોજનબધ્ધ રીતે છંટકાવ કરવામાં આવી રહ્યો છે. વરસાદી ઋતુ દરમિયાન મચ્છરોનો ઉપદ્રવ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ કામગીરી હાથ ધરવામાં આવી છે. તબક્કાવાર શહેરના વધુ વિસ્તારોને આવરી લેવામાં આવશે. નગરપાલિકાએ નગરજનોને આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તકેદારી રાખવા અને સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે.

# વંડા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં સમૂહ ભોજન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૩



વંડા સ્થિત પી.પી. એસ. હાઈસ્કૂલમાં શિક્ષક પ્રહલાદભાઈ ચૌહાણના આયોજનથી 'સમૂહ ભોજન પ્રસાદ' કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓ ઘરેથી વિવિધ વાનગીઓ બનાવી લાવ્યા હતા. સૌએ સાથે મળીને ભોજન કરી શિક્ષકોને પણ પ્રેમપૂર્વક જમાડ્યા હતા. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં સમૂહભાવના અને ભાવાત્મક એકતા કેળવવાનો હતો. આ પ્રસંગે સહભોજન દ્વારા એકતા, પ્રેમ અને વહેંચણીનો સુંદર સંદેશ સમાજને આપવામાં આવ્યો હતો. દીપકભાઈ ઝાડફિયાની યાદીમાં આ માહિતી જણાવાઈ હતી.

# રાજુલામાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ, દેશભક્તિના નારાથી શહેર ગુંજી ઉઠ્યું

રાજુલા,તા.૧૩

રાજુલા તાલુકા અને શહેર ભાજપ પરિવાર દ્વારા રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરતી ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રાનો પ્રારંભ આંબેડકર સર્કલથી થયો હતો અને શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રાજુલા નગરપાલિકા ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રા દરમિયાન "વંદે માતરમ", "ભારત માતા કી જય" અને "જય ગરવી ગુજરાત"ના નારાથી શહેર ગુંજી ઉઠ્યું હતું. યાત્રામાં સરકારી અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ,


તસવીર : ગોપાલ રાઠોડ

શિક્ષકો, યુવાનો, મહિલાઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ડી.વાય.એસ.પી. અને મામલતદાર સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ટ્રાફિક અને સુરક્ષાની વ્યવસ્થા સંભાળી હતી.

# અમરેલીના દહીંડા ગામે ખેતરમાં ખુલ્લા વાયરને અડી જતાં પરપ્રાંતીય પરિણીતાનું મોત

અમરેલી, તા.૧૩

અમરેલીના દહીંડા ગામે એક કરૂણ ઘટના સામે આવી છે, જેમાં ખેતરમાં કામ કરી રહેલી એક પરપ્રાંતીય પરિણીતાનું વીજશોક લાગવાથી મોત નીપજ્યું હતું.આ અંગે મૂળ મધ્ય પ્રદેશના ધાવુભાઈ અંતરસિંહ મંડોડીયા (ઉ.વ. ૨૨)એ જાહેર કર્યા મુજબ, દહીંડા ગામની સીમમાં આવેલ એક વાડી/ખેતર નજીકના સબ-સ્ટેશન પાસે તેમની પત્ની ઘાસ (ખડ) નીંદવાનું કામ કરતી હતી. આ દરમિયાન સબ-સ્ટેશનની બાજુમાં જમીન પર એક ખુલ્લો ઈલેક્ટ્રિક વાયર પડેલો હતો. પત્ની કામમાં મશગૂલ હતી ત્યારે અજાણતા જ તેનો ડાબો હાથ આ ખુલ્લા વાયરને અડી ગયો હતો. વાયરને હાથની ટચલી આંગળી અડી જતાં જ પરિણીતાને તીવ્ર ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.વી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# ગરીબોના પુનર્વસન વિના વિકાસ અધૂરો

ગરીબોના પુનર્વસન પર નીતિ જરૂરી છે અને વૈકલ્પિક આવાસ આપવો જોઈએ સુપ્રીમ કોર્ટનો આ અભિગમ માત્ર એક કાનૂની ચુકાદો નથી, પરંતુ દેશની શહેરી વિકાસ નીતિ માટે અત્યંત મહત્વનો સંદેશ છે. વિકાસના નામે વર્ષોથી એક જ સ્થળે રહેતા આર્થિક રીતે નબળા લોકોના ઘર તોડી પાડવા સહેલા છે, પરંતુ તેમના જીવનને ફરીથી ગોઠવવું એટલું જ મહત્વનું છે. ઘર માત્ર ઈંટ-સિમેન્ટનું બાંધકામ નથી; તે પરિવારની સુરક્ષા, બાળકોનું શિક્ષણ, રોજગારનું કેન્દ્ર અને સામાજિક અસ્તિત્વ સાથે જોડાયેલું હોય છે. તેથી ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી જરૂરી હોવા છતાં માનવિય પુનર્વસનને અવગણીને કરવામાં આવતી કાર્યવાહી અનેક નવા પ્રશ્નો ઊભા કરી શકે છે.

સુપ્રીમ કોર્ટ સમક્ષ લાંબા સમયથી બનેલા અનધિકૃત બાંધકામોના નિયમિતકરણ અને ડિમોલિશનનો મુદ્દો આવ્યો હતો. અદાલતે સ્પષ્ટ કર્યું કે માત્ર એટલા માટે કોઈ બાંધકામ ૨૦, ૩૦ કે ૪૦ વર્ષથી ઊભું છે એટલે તેને આપોઆપ કાયદેસર અધિકાર મળી જાય એવું નથી. કાયદાનું ઉલ્લંઘન થયું હોય તો કાર્યવાહી થઈ શકે છે. પરંતુ બીજી તરફ, લાંબા સમયથી કોઈ મકાનમાં રહેતી વ્યક્તિને યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વિના અચાનક ઘરવિહોણી કરી શકાય નહીં. એટલે કાયદાનું પાલન અને માનવીય સંવેદના બંને વચ્ચે સંતુલન જાળવવાની જરૂર છે.

આ મુદ્દાનો સૌથી મહત્વનું પાસું 'યોગ્ય પ્રક્રિયા' છે. કોઈનું ઘર તોડી પાડતા પહેલાં તેને નોટિસ આપવી, પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી અને સક્ષમ સત્તાધિકારી દ્વારા કારણસભર નિર્ણય લેવો જોઈએ. અદાલત દ્વારા અનધિકૃત કબજો ધરાવનારને પણ ઓછામાં ઓછા નિર્ધારિત સમય પહેલાં નોટિસ આપવાની વાત કરવામાં આવી છે. આ સિધ્ધાંત લોકશાહી શાસનની મૂળ ભાવનાને અનુરૂપ છે. રાજ્ય પાસે સત્તા છે, પરંતુ સત્તાનો ઉપયોગ મનસ્વી રીતે નહીં, નિયમો અને ન્યાયના સિધ્ધાંતો અનુસાર થવો જોઈએ.

સરકાર માટે આ એક તક પણ છે. દેશ ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહ્યો છે. સ્માર્ટ સિટી, મેટ્રો, એક્સપ્રેસ-વે, ઔદ્યોગિક કોરિડોર અને નવા ટાઉનશિપ જેવા પ્રોજેક્ટો આવનારા સમયમાં વધવાના છે. વિકાસ માટે જમીનની જરૂર પડશે, પરંતુ વિકાસનો અર્થ લોકોને ઉખેડી નાખવો નહીં, તેમને સાથે લઈને આગળ વધવું હોવો જોઈએ.

ગેરકાયદે બાંધકામને કાયદેસર ગણાવી દેવું યોગ્ય નથી અને કાયદાનો ભંગ કરનારને માત્ર ગરીબીના નામે કાયમી છૂટ પણ આપી શકાય નહીં. પરંતુ કાયદાનું પાલન કરાવવાની પધ્ધતિ માનવિય, પારદર્શક અને ન્યાયપૂર્ણ હોવી જોઈએ. ખાસ કરીને જ્યાં વર્ષોથી લોકો વસે છે ત્યાં સરકારને 'તોડો અને જાઓ'ના અભિગમને બદલે 'પુનર્વસાવો અને પછી સ્થળાંતર કરો'ની નીતિ અપનાવવી જોઈએ. સુપ્રીમ કોર્ટનો સંદેશ તેથી ખૂબ સ્પષ્ટ છે કાયદો સર્વોચ્ચ છે, પરંતુ કાયદાની અમલવારીમાં ન્યાય અને માનવતા પણ એટલી જ જરૂરી છે. દેશના શહેરો સુંદર બને તે જરૂરી છે, પરંતુ તે શહેરોમાં રહેતા ગરીબોના જીવનની કિંમત પર નહીં. સાચો વિકાસ એ જ છે જેમાં રસ્તા પહોળા થાય, ઈમારતો ઊંચી થાય અને શહેર આધુનિક બને, પરંતુ સાથે કોઈ પરિવાર છતવિહોણો ન બને. ગરીબોના પુનર્વસન માટે સ્પષ્ટ, સમયબધ્ધ અને પારદર્શક નીતિ બનાવવી હવે સરકારની પસંદગી નહીં, પરંતુ સુશાસનની અનિવાર્ય જરૂરિયાત બનવી જોઈએ.

# શિવસેના - ભવ્ય ભૂતકાળ: વિવાદિત વર્તમાન



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજે દેશની સૌથી મોટી અદાલતમાં જે કેસ ચાલી રહ્યો છે તે માત્ર બે જૂથો વચ્ચેનો ઝઘડો નથી. શિવસેના કોની અને ધનુષ-બાણ કોનું આ પ્રશ્ન મહારાષ્ટ્રની રાજનીતિની દિશા નક્કી કરશે. સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેન્ચ સામે આ મુદ્દા પર મહત્વની ચર્ચા થઈ છે. અદાલતે ખૂબ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સૌથી પહેલા એ સાબિત કરવું પડશે કે ખરેખર પક્ષમાં વિભાજન થયું છે કે પછી માત્ર સત્તા માટે ધારાસભ્યોનું એક જૂથ અલગ થયું છે. આ બંને વચ્ચે મોટો કાનૂની તફાવત છે.

તમે આપેલી વિગત મુજબ કોર્ટ એ પણ તપાસ કરશે કે વિધાનસભામાં થયેલી તૂટની અસર પક્ષના મૂળ સંગઠન પર પડી છે કે નહીં. ઘણી વખત એવું બને છે કે ધારાસભ્યો પોતાના અંગત કારણથી અલગ થઈ જાય છે પણ જમીન પર કાર્યકર્તા અને શાખાઓ તો મૂળ પક્ષ સાથે જ રહે છે. ચૂંટણી પંચે જે રીતે એકનાથ શિંદે જૂથને અસલી પક્ષ ગણીને નામ અને નિશાન આપી દીધું તેની સામે ઉદ્ધવ જૂથે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. હવે સુપ્રીમ કોર્ટનું વલણ શું રહેશે તેના પર સૌની નજર છે.

આપણા દેશમાં ચૂંટણી ચિહ્નનો નિર્ણય ચૂંટણી પંચ કરે છે. પંચ સામાન્ય રીતે વિધાનસભા અને લોકસભામાં કોની પાસે બહુમતી છે, પક્ષના હોદ્દેદારો કોની સાથે છે અને પક્ષના બંધારણ મુજબ નિર્ણય કોણ લઈ શકે છે તે જોવે છે. આ કેસમાં ઉદ્ધવ જૂથનું કહેવું છે કે પંચે માત્ર ધારાસભ્યોની સંખ્યા જોઈને નિર્ણય આપ્યો છે, સંગઠનને અવગણ્યું છે. શિવસેના એ કેડર આધારિત પક્ષ છે જ્યાં શાખા પ્રમુખથી લઈને સામાન્ય શિવસૈનિક સુધીનું નેટવર્ક છે. તે નેટવર્કને અવગણીને અસલી પક્ષ નક્કી ન થઈ શકે.

આ કેસનો ચુકાદો ભવિષ્ય માટે એક નિયમ બનાવશે. જો આજે ધારાસભ્યોની સંખ્યાના જોરે પક્ષનું નામ અને ચિહ્ન મળી જતું હશે તો આવતીકાલે કોઈપણ રાજ્યમાં પૈસા અને સત્તાના જોરે પક્ષો તોડી શકાશે. તેથી જ સુપ્રીમ કોર્ટ આને શિવસેનાની અસલી પરીક્ષા કહી રહી છે. આ પરીક્ષા માત્ર ઉદ્ધવ અને શિંદેની નથી પરંતુ ભારતની પક્ષીય લોકશાહીની પણ છે.

આ વર્તમાન સંકટને સમજવા માટે મહારાષ્ટ્રના રાજકારણને સમજવું જરૂરી છે. મહારાષ્ટ્રની રચના ૧૯૬૦ માં થઈ ત્યારથી લગભગ ત્રીસ વર્ષ સુધી કોંગ્રેસ એકછત્ર શાસન કરતી હતી. સહકારી ચળવળ, શિક્ષણ સંસ્થાઓ અને ગ્રામીણ નેતૃત્વના આધારે કોંગ્રેસે પોતાનો પાયો બનાવ્યો હતો. વસંતરાવ નાઈક જેવા નેતાઓએ લાંબા સમય સુધી સ્થિર સરકાર આપી. પરંતુ એંસીના દાયકા પછી લોકોમાં કોંગ્રેસ પ્રત્યે અસંતોષ વધ્યો. શહેરોમાં બેરોજગારી, મરાઠી યુવાનોની અવગણના અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ ચર્ચામાં આવ્યા. આ સમયે બે નવી શક્તિઓ ઉભરી આવી. એક તરફ શરદ પવારે કોંગ્રેસમાંથી અલગ થઈને પોતાની અલગ ઓળખ બનાવી અને બીજી તરફ ભાજપ અને શિવસેનાએ સાથે મળીને એક નવો વિકલ્પ આપ્યો. ૧૯૯૫ માં જ્યારે પહેલીવાર બિન-કોંગ્રેસી સરકાર બની ત્યારે મહારાષ્ટ્રના લોકોએ પરિવર્તનનો સ્વીકાર કર્યો.

૧૯૯૯ થી ૨૦૧૪ સુધી ફરી કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસની આઘાડી સરકાર રહી. આ સમયગાળામાં મહારાષ્ટ્રમાં વિકાસની સાથે જાતિગત સમીકરણો વધુ તીવ્ર બન્યા. મરાઠા અનામતનો મુદ્દો મોટો બન્યો. ૨૦૧૪ પછી ભાજપ સૌથી મોટો પક્ષ બન્યો અને દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા. ૨૦૧૯ ની ચૂંટણીમાં ભાજપ અને શિવસેના સાથે લડ્યા પણ મુખ્યમંત્રી પદના વિવાદમાં છૂટા પડ્યા. શિવસેનાએ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે મળીને મહાવિકાસ આઘાડી બનાવી. આ ગઠબંધન વૈચારિક રીતે વિરોધી હતું પરંતુ સત્તાના ગણિતે તેને શક્ય બનાવ્યું. આ જ ગઠબંધન શિવસેનામાં આંતરિક અસંતોષનું કારણ બન્યું અને ૨૦૨૨ માં મોટું વિભાજન થયું.

હવે આપણે એ પક્ષના મૂળ તરફ જઈએ જેના માટે આજે લડાઈ ચાલી રહી છે. શિવસેનાનો જન્મ ૧૯ જૂન ૧૯૬૬ ના રોજ થયો હતો. તેના સ્થાપક બાળાસાહેબ ઠાકરે એક સામાન્ય કાર્ટૂનિસ્ટમાંથી લોકનેતા બન્યા હતા. તેમણે જોયું કે પોતાની જ રાજધાની મુંબઈમાં મરાઠી માણસ નોકરી માટે ભટકી રહ્યો છે. આ વેદનામાંથી શિવસેનાનો જન્મ થયો. શરૂઆતનું સૂત્ર હતું મુંબઈ માત્ર મરાઠી માણસની.

બાળાસાહેબે પક્ષને એક અલગ જ શિસ્ત આપી. તેમણે શાખા નામની વ્યવસ્થા ઉભી કરી. દરેક વિસ્તારમાં એક શાખા હોય જ્યાં સવારે લોકોના પ્રશ્નો સાંભળવામાં આવે, સાંજે સામાજિક કામ થાય અને રાત્રે રાજકીય ચર્ચા થાય. આ શાખાઓના કારણે શિવસેના ગરીબ માણસની પાર્ટી બની ગઈ. કોઈનું હોસ્પિટલનું કામ હોય, કોઈને પોલીસ સ્ટેશનમાં મદદ જોઈતી હોય તો શિવસૈનિક તરત પહોંચી જતો. આ જમીની કામે જ શિવસેનાને ભવ્ય ભૂતકાળ આપ્યો.


બાળાસાહેબની ભાષણશૈલી પણ તેની તાકાત હતી. તેઓ જે બોલતા તે સીધું દિલમાં ઉતરી જતું. શિવાજી પાર્કનું મેદાન અને દશેરાની સભા એ શિવસેનાના ઈતિહાસના સૌથી મોટા પ્રસંગો રહ્યા છે. સમય જતા શિવસેનાએ માત્ર મરાઠી અસ્મિતા પૂરતું સીમિત ન રહેતા હિંદુત્વને પોતાના વિચારમાં સામેલ કર્યું. બાળાસાહેબે સ્પષ્ટ કહ્યું હતું કે હિંદુત્વ એ જ રાષ્ટ્રીયત્વ છે. આ વિચારને કારણે શિવસેના મહારાષ્ટ્રની બહાર પણ ઓળખાવા લાગી અને ભાજપ તેની સ્વાભાવિક સાથી બની.

શિવસેનાના ભવ્ય ભૂતકાળની સૌથી મોટી સિદ્ધિ તેનું મુંબઈ મહાનગરપાલિકા પરનું લાંબુ શાસન છે. પચીસ વર્ષથી વધુ સમય સુધી મુંબઈ જેવા મોટા શહેરનું સંચાલન કરવું એ નાની વાત નથી. રાજ્યની સત્તામાં પણ મનોહર જોશી અને નારાયણ રાણે જેવા નેતાઓએ મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. કેન્દ્રમાં પણ શિવસેનાના પ્રતિનિધિઓએ હંમેશા મહારાષ્ટ્રનો અવાજ બુલંદ રાખ્યો. ધનુષ-બાણ માત્ર એક નિશાન નહોતું, તે સ્વાભિમાનનું પ્રતીક હતું. જ્યારે ધનુષ-બાણ માટે અદાલતમાં લડાઈ ચાલી રહી છે ત્યારે યાદ રાખવું જોઈએ કે પક્ષ કોઈ નિશાનથી નહીં પરંતુ વિચાર અને કાર્યકર્તાથી બને છે. મહારાષ્ટ્રના રાજકીય ઈતિહાસે અનેક ઉતાર-ચડાવ જોયા છે. સત્તા આવતી જતી રહે છે પણ જે પક્ષ લોકોના દુઃખમાં ઉભો રહે છે તે જ લાંબો સમય ટકે છે. સુપ્રીમ કોર્ટનો જે પણ નિર્ણય આવશે તે કાનૂની રીતે મહત્વનો હશે પરંતુ શિવસેનાનો ભવ્ય ભૂતકાળ, બાળાસાહેબનું નેતૃત્વ અને શાખાઓની તાકાત હંમેશા મહારાષ્ટ્રના ઈતિહાસનું એક ગૌરવપૂર્ણ પ્રકરણ બનીને રહેશે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૫ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૮ |
| જુવાર સફેદ | ૧૧૩૪ | ૧૨૪૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૩૨૦ | ૫૨૦ |
| મકાઇ | ૫૦૭ | ૫૦૭ |
| તુવેર | ૧૧૨૫ | ૧૬૦૧ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૩૮ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૧૮૧૧ |
| અડદ | ૧૨૮૦ | ૧૮૧૭ |
| મગ | ૧૨૦૦ | ૧૬૬૮ |
| વાલ દેશી | ૭૯૪ | ૧૩૨૬ |
| ચોળી | ૧૦૭૧ | ૧૫૭૫ |
| વટાણા | ૬૦૦ | ૮૨૫ |
| રાજમા | ૧૪૦૦ | ૧૮૮૮ |
| સીંગદાણા | ૧૬૧૫ | ૨૦૭૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૫૨૫ |
| તલી | ૨૧૦૦ | ૨૪૩૨ |
| એરંડા | ૧૩૮૦ | ૧૪૩૫ |
| અજમો | ૧૬૫૦ | ૩૧૮૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૨૪૦ | ૧૩૬૦ |
| સીંગફાડા | ૧૪૪૦ | ૧૮૧૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૪૭૫ |
| લસણ | ૧૦૩૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૮૫૦ | ૩૦૨૦ |
| ધાણી | ૨૮૮૦ | ૩૦૯૦ |
| વરીયાળી | ૧૪૭૦ | ૨૧૮૦ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૮૭૫ |
| રાય | ૧૩૦૦ | ૧૮૪૯ |
| મેથી | ૯૩૦ | ૧૮૪૫ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| કલોંજી | ૩૨૧૦ | ૩૫૯૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૫૧૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૫૩ | ૭૧૧ |
| પપૈયા | ૧૬૨ | ૩૧૪ |
| બટેટા | ૯૧ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૨૫ |
| ટમેટા | ૩૫૭ | ૬૮૯ |
| સુરણ | ૮૮૧ | ૧૦૯૨ |
| કોથમરી | ૪૧૭ | ૬૯૩ |
| મુળા | ૪૨૩ | ૫૯૨ |
| રીંગણા | ૩૨૫ | ૬૫૬ |
| કોબીજ | ૩૨૫ | ૪૫૩ |
| ફ્લાવર | ૪૬૧ | ૬૭૭ |
| ભીંડો | ૭૧૯ | ૧૦૧૮ |
| ગુવાર | ૧૩૩૯ | ૧૯૭૨ |
| ચોળાસીંગ | ૬૧૭ | ૮૨૩ |
| વાલોળ | ૧૦૨૯ | ૧૨૩૪ |
| ટીંડોળા | ૬૦૫ | ૧૨૨૫ |
| દુધી | ૪૧૬ | ૫૮૮ |
| કારેલા | ૫૧૬ | ૭૨૭ |
| સરગવો | ૭૨૭ | ૧૪૦૭ |
| તુરીયા | ૬૩૩ | ૧૦૧૮ |
| પરવર | ૧૦૩૮ | ૧૪૩૨ |
| કાકડી | ૪૮૭ | ૬૧૪ |
| ગાજર | ૩૩૧ | ૫૨૮ |
| વટાણા | ૧૬૩૩ | ૨૭૭૮ |
| કંટોળા | ૨૦૧૧ | ૨૯૮૮ |
| ગલકા | ૩૫૬ | ૬૧૯ |
| બીટ | ૩૧૮ | ૫૨૧ |
| મેથી | ૫૧૧ | ૮૨૨ |
| વાલ | ૧૨૧૭ | ૧૬૦૨ |
| ડુંગળી લીલી | ૬૨૩ | ૯૭૮ |
| આદુ | ૧૫૯૫ | ૨૯૮૬ |
| મરચા લીલા | ૫૧૨ | ૭૨૧ |
| મગફળી લીલી | ૮૧૧ | ૧૪૩૫ |
| મકાઇ લીલી | ૧૯૬ | ૪૦૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૯૬૬ |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૨૬ |
| સિંગદાણા જાડા | ૧૧૫૦ | ૨૦૭૧ |
| સિંગ ફાડીયા | ૧૧૬૧ | ૧૭૬૧ |
| એરંડા / એરંડી | ૧૨૫૧ | ૧૪૧૬ |
| જીરૂ | ૨૩૫૧ | ૩૯૫૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૧૭૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૫૭૧ |
| અડદ | ૭૫૧ | ૧૫૮૧ |
| તુવેર | ૧૧૨૬ | ૧૫૬૧ |
| રાય | ૧૪૧૧ | ૧૬૦૧ |
| મેથી | ૯૫૧ | ૧૪૬૧ |
| કારીજીરી | ૧૭૦૧ | ૧૭૦૧ |
| મગફળી જાડી | ૧૦૭૧ | ૧૬૮૬ |
| ધાણી | ૨૭૦૧ | ૩૦૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૫૫૧ | ૧૦૯૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૨૦૧ | ૧૬૪૧ |
| વાલ | ૯૦૧ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૪૨૧ | ૧૨૨૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૨૧ |
| ગોગળી | ૯૯૧ | ૧૩૩૧ |
| વટાણા | ૩૮૧ | ૮૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૫૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૭ | ૧૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ક્રર્ઈક્ક્ર | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ક્ક્ર્ક્દૈક્રહ | ૧૦ | ૧૫ |
| ક્રિદ્રિક્રિ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૫૨૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૪૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૩૦ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| તલ સફેદ | ૧૧૩૦ | ૨૬૧૦ |
| તલ કાળા | ૨૪૯૦ | ૩૭૫૦ |
| બાજરો | ૩૮૦ | ૪૮૦ |
| જુવાર | ૩૧૫ | ૧૧૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૬૫ |
| મકાઈ | ૪૭૫ | ૪૭૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૬૦ |
| ચણા દેશી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| સફેદ ચણા | ૧૧૬૦ | ૧૨૬૫ |
| છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| તુવેર | ૮૯૦ | ૧૪૯૫ |
| કપાસ | ૧૦૧૦ | ૧૯૯૦ |
| નવો કપાસ | ૧૪૦૦ | ૧૮૦૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૭૫ |
| ધાણી | ૨૧૦૦ | ૩૧૧૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૯૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૪૧૦ | ૬૨૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૬૦૦ |
| શકકરીયા | ૧૦૨૦ | ૧૨૩૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૫૦ |
| સુરણ | ૯૩૦ | ૯૯૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| દુધી | ૩૨૦ | ૪૩૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૦૩૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૧૦૦૦ |
| શગઓળા | ૯૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૬૨૦ | ૨૭૫૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૦૦ | ૫૬૦ |
| સરગવો | ૯૫૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૮૨૦ | ૧૦૩૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૫૨૦ |
| લસણ સુકું | ૧૪૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૩૦ |
| લીબુ | ૩૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | - | ૧૫૦૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૫૦૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૩૫૦ |
| જીરૂ | - | ૩૬૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૪૩ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૦ |
| એરડી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ધાણા | - | ૨૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ઘઉં | ૪૬૯ | ૫૨૫ |
| ચણા | ૧૨૪૬ | ૧૨૪૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૫૭૦ | ૨૦૨૧ |
| શીંગ ફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ઘઉ લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૫૬ | ૪૯૮ |
| તુવેર | ૧૪૧૧ | ૧૪૧૧ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| શીંગદાણા | ૧૯૩૦ | ૧૯૩૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૨૪૨ |
| તલ કાળા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ધાણા | ૨૯૪૦ | ૨૯૭૦ |
| શીંગફાડા | ૧૬૬૦ | ૧૬૬૦ |
| એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૬૧૧ | ૨૪૧૧ |
| કપાસ | ૧૬૫૦ | ૧૯૩૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૮૦૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ઘઉ | ૫૦૫ | ૫૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૩૬ |
| ઘઉં | ૪૫૧ | ૫૨૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૧૬ |
| તુવેર | ૯૦૧ | ૧૨૨૬ |
| શિંગ દાણા | ૧૭૦૧ | ૧૮૬૬ |
| શિંગ ફાડા | ૧૫૦૧ | ૧૬૫૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૫૦૧ | ૩૩૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૨૮૦૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૨૩૬ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૨૦૧ | ૧૨૭૫ |
| શીંગ જી-૨૦ | ૧૧૧૨ | ૧૧૧૨ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુવાર | ૪૬૧ | ૬૯૯ |
| બાજરી | ૩૯૦ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૩૪ | ૫૩૫ |
| અડદ | ૧૮૭૦ | ૧૮૭૦ |
| મગ | ૯૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૧૨૨૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૭૨ |
| તલ કાળા | ૨૪૭૫ | ૩૩૦૦ |
| તુવેર | ૧૧૩૫ | ૧૧૩૫ |
| જીરૂ | ૮૦૦ | ૩૧૬૫ |
| ડુંગળી લાલ | ૬૯ | ૫૪૬ |
| ડુંગળી સફેદ | ૧૧૪ | ૩૯૯ |
| નાળીયેર | ૪૪૦ | ૩૩૫૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૪ |
| જુવાર | ૮૫૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૯૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| સફેદ તલ | ૧૭૫૦ | ૨૩૪૬ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૭૫૫ |
| સોયાબીન | ૧૨૧૧ | ૧૩૫૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૦૫૦ |
| બાજરો | ૩૦૦ | ૩૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૦ |
| મગ | ૧૨૮૦ | ૧૫૬૦ |
| અડદ | ૪૦૦ | ૪૦૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૪ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૭૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ | ૧૬૪૦ | ૨૪૫૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૬૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૮૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૯૦ | ૨૨૯૦ |
| તલ કાળા | ૨૨૦૧ | ૩૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૫૦ |
| જુવાર | ૫૦૧ | ૧૩૧૧ |
| મકાઈ | ૫૨૬ | ૫૨૬ |
| મગ | ૧૧૦૧ | ૧૪૨૧ |
| તુવેર | ૮૨૫ | ૧૧૦૧ |
| ચણા | ૧૧૫૮ | ૧૨૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૧૩૦૨ | ૧૩૦૨ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૪૮



**આડી ચાવી :**
(૧) તમારા..... મોતીના દાણા જેવા હોવા જોઈએ (૪)
(૩) માનવ સ્વભાવની એક પણ ... એવી નથી. જેનો ઉકેલ ન હોય.(૪)
(૬) પહેલ વહેલો ગર્ભ રહે તે પ્રસંગે કરાતી વિધિ (૩)
(૮) નોંધ કેદની સજા (૨)
(૯) ભભકો (૩)
(૧૧) નાળિયેર (૩)
(૧૩) નાણું,પદાર્થ (૨)
(૧૪) કરચલો (૨)
(૧૫) આત્મા,યજ્ઞ (૩)
(૧૭) દીકરા-દીકરી માટે જીવનસાથીનો પસંદગી વખતે વડીલો ...પર વધારે મદાર રાખે છે. (૨)
(૧૯) ચિત્રોની પરંપરાને પટ ઉપર બતાવવાની યુકિત (૩)
(૨૧) સરોવરનો કિનારો (૨)
(૨૨) સોનું,ધંતૂરો (૩)
(૨૪) તાણેલું,કસેલું (૨)
(૨૬) એક મીઠાઈ (૩)
(૨૭) એક જાતનું હલકું અનાજ (૨)
(૨૮) વ્યાજમુદ્દલ,સરાસરી (૨)
(૨૯) દુધની એક વાનગી (૩)

**ઉભી ચાવી :**
(૧) શ્રવણ નક્ષત્ર (૩)
(૨) રોગના જતુંઓની બનાવેલ દવા (૨)
(૩) ભેદ,અંતરપટ (૩)
(૪) પગની પાટલી અને નળાને જોડનાર સાંધા આગળનું હાડકું (૨)
(૫) જયોતિષી પાસે આ હોય જ (૩)
(૭) તમારો અભિપ્રાય (૩)
(૧૦) પત્યક્ષનું વિરોધી (૩)
(૧૨) ખોટું,પોલું (૩)
(૧૫) શોક રહિત (૩)
(૧૬) રસવાળુ,રસપૂર્ણ (૩)
(૧૮) એક જાતનો ગુંદર (૨)
(૨૦) હાથી (૩)
(૨૧) બે બાજુ કસો બાંધવાની એક જાતની બંડી (૪)
(૨૩) રાજા (૩)
(૨૫) પહોર પહોરને આંતરે ઘડિયાળા વાગે તે (૩)
(૨૬) મરવાના નસીબવાળું (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૭ જવાબ

**આડી ચાવી:** (૧) કોહલ (૩) કાયાપલટ (૬) હેડકી (૭) નૂપુર (૧૦) વાલ (૧૧) રસ્તો (૧૨) તમતમાટ (૧૩) બોટ (૧૪) ણિપા (પાણિ) (૧૬) કાસળ (૧૮) પ્રે (૧૯) પ્રયોગ (૨૦) નર (૨૨) સુધા (૨૩) હમાલ (૨૫) નગ (૨૭) રતવા (૨૮) ગીર (૨૯) રબ.
**ઉભી ચાવી:** (૧) કોહિનૂર (૨) લહેર (૩) કાકી (૪) પતિ (૫) ટહેલ (૮) પુસ્તો (૯) માતર (૧૦) વાટણિયો (૧૨) તટ (૧૩) બોળ (૧૫) પાગલ (૧૬) કાનપુર (૧૭) સર (૧૯) પ્રધાન (૨૧) વામા (૨૩) હવા (૨૪) લગી (૨૬) ગર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની સાધારણ સભામાં નવી પેનલની રચના

**દિનેશભાઈ ભુવા પ્રમુખપદે, કનુભાઈ ગોજારિયા ઉપપ્રમુખ તથા બિપીનભાઈ ગજેરા મંત્રીપદે નિયુક્ત**







અમરેલી,તા.૧૩

અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની સાધારણ સભા ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બુધવારે યોજાઈ હતી. આ સાધારણ સભામાં જી.આઈ.ડી.સી.ની નવી પેનલની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે દિનેશભાઈ ડી. ભુવા (મેનેજિંગ ડિરેક્ટર, શીતલ આઈસ્ક્રીમ)ની નિમણૂક કરવામાં આવી હતી. ઉપપ્રમુખપદે કનુભાઈ એસ. ગોજારિયા, મંત્રીપદે બિપીનભાઈ એચ. ગજેરા અને ખજાનચી તરીકે અશોકભાઈ કે. જાવિયાની જવાબદારી સોંપવામાં આવી હતી.નવા ટ્રસ્ટી મંડળમાં હિતેષભાઈ ચંદારાણા, રસિકભાઈ પાથર અને ભીખુભાઈ ડોડિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે નવા કારોબારી સભ્યો તરીકે હિતેષભાઈ ચંદારાણા, રસિકભાઈ પાથર, ભીખુભાઈ ડોડીયા નો સમાવેશ કરવામાં આવ્યો. નવા કારોબારી સભ્યો તરીકે જયવંતભાઈ ફીણાવા, અરજણભાઈ શીંગાળા, હિંમતભાઈ ખણેસા, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, પ્રવીણભાઈ ફીણાવા, ચંદુભાઈ ચાવ, સંજયભાઈ પરીખ, બાબુભાઈ ગોલ, ચંદુભાઈ કાથરોટીયા, અશોકભાઈ બાવળવા, રિધ્ધેશભાઈ નાકરાણી, વિનુભાઈ મેતલીયા, ચંદુભાઈ ખણેસા, દિલીપભાઈ ભાલાળા, શશિકાંતભાઈ રાજા ની નિમણુંક કરવામાં આવી. હતી. આ સાધારણ સભામાં રણછોડભાઈ કુકડીયા , ભુપતભાઈ ભુવા, હિરેનભાઈ વસાણી, સંજયભાઈ જાવિયા, રમેશભાઈ કાવઠીયા, નાથાલાલ ભંડેરી, વિનાયકભાઈ કાબરિયા, વિરલભાઈ ચાંગેલા, શ્યામભાઈ ચિત્રોડા, રમેશભાઈ ચિત્રોડા, સુરેશભાઈ વામજા, વિશ્વરાજભાઈ ગોહિલ, જીગ્નેશભાઈ ઝાલાવડિયા, સુજીતભાઈ પટેલ, ધ્રુવભાઈ ગોલ, જગદીશભાઈ બાબરીયા, ઓધવજીભાઈ વાઘાણી, વજુભાઈ કુંડારીયા, અશ્વિનભાઈ ઝાલાવડીયા, ફિરોઝભાઈ મોગલ, ફિરોઝભાઈ લીલા, ધર્મેન્દ્રભાઈ વામજા, અશ્વિનભાઈ ખુંટ, હરેશભાઈ પોકાર, આશિષભાઈ મકવાણા, ભરતભાઈ કાબરિયા, બાબુભાઈ રાઠોડ, વિશાલભાઈ ખંભાયતા, અરુણભાઈ આદ્રોજા, ભરતભાઈ ગોર, અશોકભાઈ કારિયા, રાજુભાઈ વાળા, પ્રતિકભાઈ વઘાસીયા, સાગરભાઈ કરકર, રફીકભાઈ કાજી ઉપસ્થિત રહ્યા હતા.

## ધોરાજીમાં કાકા-કાકીની અંતિમયાત્રામાં ગયેલા ભત્રીજાનું હાર્ટ એટેકથી મોત

ધોરાજી,તા.૧૩

ધોરાજીમાં બે દિવસ પૂર્વે અગમ્ય કારણોસર આપઘાત કરનાર કાકા-કાકી જીતુભાઈ રાવરાણી અને મધુબેન રાવરાણીની અંતિમયાત્રામાં ગયેલા ૪૧ વર્ષીય ભત્રીજા દીપકભાઈ કિરીટભાઈ રાવરાણીનું સ્મશાનગૃહમાં હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ જમનાવાડ રોડ પર રહેતા આધેડ દંપતીએ બે દિવસ પૂર્વે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. તેમની અંતિમયાત્રામાં હિન્દુ રિવાજ મુજબ દોણી લઈને દીપકભાઈ પણ સ્મશાનગૃહે ગયા હતા. અંતિમવિધિ ચાલી રહી હતી ત્યારે અચાનક તેમને છાતીમાં જોરદાર દુખાવો ઉપડ્યો હતો અને તેઓ સ્થળ પર જ ઢળી પડ્યા હતા. પરિવારજનોએ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. કાકા-કાકીના મોત બાદ ભત્રીજાના મોતથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

## ઈફકો દ્વારા યુ.પી.ના ફુલપુર ખાતે ૮૦મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરાશે

અમરેલી,તા.૧૩

સમગ્ર દેશ જ્યારે ૮૦-મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર તરબોળ છે, ત્યારે દેશની સર્વોચ્ચ સહકારી સંસ્થા ઈફકો દ્વારા ઉત્તર પ્રદેશના ફુલપુર ખાતે આ પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી માત્ર તિરંગા લહેરાવવા કે દેશભક્તિ પૂરતી સીમિત ન રહેતા, "રસાયણ મુક્ત ફળદ્રુપ જમીન"ના નવા લક્ષ્ય સાથે સંસ્થાના ચેરમેન દિલીપ સંઘાણીના હસ્તે ભવ્યતાથી યોજાશે. દિલીપ સંઘાણીનું મુખ્ય લક્ષ્ય દેશભક્તિ સાથે ખેડૂત, તંદુરસ્ત ઉત્પાદન, માનવ સ્વાસ્થ્ય અને ટકાઉ ખેતી તરફનું છે. આ માટે ઈફકોના




માધ્યમથી સમગ્ર દેશમાં "માટી બચાવો – ખેતી બચાવો" ઝુંબેશ હાથ ધરાશે. કિસાનોમાં જાગૃતિ લાવવા, નેનો યુરિયા અને નેનો ડીએપી જેવા ખાતર તેમજ આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે. ખેડૂત અને ખેતી મજબૂત બનશે તો જ ભારત સમગ્ર વિશ્વને કૃષિ ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડી શકશે.

**ચેરમેન દિલીપ સંઘાણીના હસ્તે "માટી બચાવો – ખેતિ બચાવો" સંકલ્પ સાથે રસાયણ મૂક્ત જમીન અને ટકાઉ ખેતી પર ભાર મુકાશે**

## નવાબંદર મરીન પોલીસે દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપ્યા

ઉના,તા.૧૩

ઉનાના નવાબંદર મરીન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન નાલીયા માંડવી નજીક બાઈક પર દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન બાઈક પર સવાર બે શખ્સોને અટકાવી તપાસ કરતા તેમની પાસેથી અલગ અલગ બ્રાન્ડની આશરે ૨૮૦ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે મહમદસેજાન આરીફ સોરઠીયા



અને મોસીન અયુબ પઠાણને ઝડપી લીધા હતા. દારૂની બોટલો અને બાઈક સહિત કુલ રૂ. ૮૫,૨૮૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દારૂ દીવથી લાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. દારૂ મંગાવનાર રવી મકવાણાને ઝડપી પાડવા તપાસ શરૂ કરાઈ છે.

## ખાનગી જગ્યાએ નફાના હેતુ વગર પત્તા રમવા એ જુગાર નથી: હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૩

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે પોતાના ઘરે કે અંગત જગ્યાએ નફાના હેતુ વગર પૈસાથી પત્તા રમવા એ ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનતો નથી. વર્ષ ૨૦૨૧માં પોલીસે અમદાવાદના એક ખાનગી મકાનમાં દરોડો પાડીને પત્તા રમતા લોકો સામે જુગારધારા હેઠળ FIR નોંધી



હતી. આ કાયદાકીય કાર્યવાહી સામે અરજદારે હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરી હતી. અરજદારે રજૂઆત કરી હતી કે સંબંધિત મકાન કોઈ 'જુગારનો અડ્ડો' નહોતું અને ત્યાં કોઈ વ્યાવસાયિક કે આર્થિક નફો કમાવવાના આશયથી એકઠા થયા નહોતા. માત્ર મિત્રો કે પરિચિતો વચ્ચે મનોરંજન માટે રમત રમાઈ રહી હતી. કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નોંધ્યું કે ગેમ્બલિંગ એક્ટ હેઠળ ગુનો બનવા માટે તે જગ્યા 'જુગારનો અડ્ડો' હોવી અથવા ત્યાંથી ચાર્જ કે નફો વસૂલવામાં આવતો હોવો જરૂરી છે. કમાણીના હેતુ વિના રમવામાં આવતી રમતને ગુનો માની શકાય નહીં. આ અવલોકન સાથે હાઈકોર્ટે અમદાવાદમાં નોંધાયેલી FIR રદ કરવાનો હુકમ કર્યો છે.

## ઉનાનામાં પાડોશીએ વારંવાર સગીરા પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવતા ચકચાર

ઉના,તા.૧૩

ઉના પંથકના એક ગામમાં પાડોશીએ સગીરાને લલચાવી-ફોસલાવી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. સગીરાને નબળાઈ લાગતા તેની માતા સારવાર માટે દીવની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબી તપાસ દરમિયાન સગીરા ચાર માસની ગર્ભવતી હોવાનું



સામે આવતા પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા.આ મામલે સગીરાની માતાએ નવાબંદર મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ આરોપીએ છેલ્લા ત્રણથી ચાર મહિનાથી સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે BNSની કલમ ૬૫ અને ૩૫૧ તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.પોલીસે સગીરાનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી હતી અને ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. કેસમાં FSLની પણ મદદ લેવામાં આવી છે.

**પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો**


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૯૫/૨૦૨૬

અરજદારશ્રી :- નાયા મુમતાજબેન કરીમભાઈ
સરનામું :- રે.લોઠપુર તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી અધિકારી
–વ–
તલાટી કમ મંત્રીશ્રી-લોઠપુર
તા.જાફરાબાદ જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **લોઠપુર** ગામના શ્રી **નાયા મુમતાજબેન કરીમભાઈ** એ તેમના **પુત્રી** નામે **શહેનાજબેન કરીમભાઈ નાયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૧** તથા **પુત્રી નામે રેશમાબેન કરીમભાઈ નાયા નો જન્મ તા.૧૨/૦૪/૧૯૮૬ તથા પુત્ર નામે જાહીદભાઈ કરીમભાઈ નાયા નો જન્મ તા.૧૫/૦૯/૧૯૮૭** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૬૦/૨૦૨૬

અરજદારશ્રી :- રામજીભાઈ છગનભાઈ બાળધીયા
સરનામું :- રે.શિયાળબેટ તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
–વ–
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ
તા.જાફરાબાદ જી.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **શિયાળબેટ** ગામના શ્રી **રામજીભાઈ છગનભાઈ બાળધીયા** એ તેમના **દાદા નામે દેસુરભાઈ હાકાભાઈ બાળધીયા નું મરણ તા.૦૧/૦૧/૧૯૭૪ તથા દાદી** નામે **હિરૂબેન દેસુરભાઈ બાળધીયા નું મરણ તા.૧૦/૧૦/૧૯૮૦** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.બી.ભીલ મારફત** અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ : જાફરાબાદ
તા.૦૭/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


## ધોરાજીમાં રખડતા શ્વાનોએ એક જ દિવસમાં ૧૧ લોકોને બચકાં ભર્યા

ધોરાજી,તા.૧૩

ધોરાજી શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં રખડતા શ્વાનોનો આતંક જોવા મળ્યો હતો. એક જ દિવસમાં આશરે ૧૧ લોકોને કૂતરાઓએ બચકાં ભરતા લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત તમામ લોકોને તાત્કાલિક ધોરાજીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ તમામ દર્દીઓને હડકવા વિરોધી રસી



તસવીર : નયન ફુહાડીયા

આપી જરૂરી સારવાર કરી હતી. હોસ્પિટલમાં રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તબીબોએ જણાવ્યું હતું. કૂતરું કરડે ત્યારે ઘા પર ચટણી, મરચું કે તેલ ન લગાવી વહેતા પાણીથી આશરે ૧૦ મિનિટ સુધી ધોઈ તાત્કાલિક સારવાર લેવાની સલાહ આપી હતી. રખડતા શ્વાનોને પકડી યોગ્ય કાર્યવાહી કરવા સ્થાનિકોએ નગરપાલિકા પાસે માંગ કરી છે.


### નામ બદલાવેલ છે

આથી મે મારૂ નામ
સાવલિયા ભાસ્કરકુમાર બચુભાઈ
સરનામું - ૯૭, રામજી મંદિર પાસે, બાલાપુર, તા-બગસરા, અમરેલી, ગુજરાત, ૩૬૫૪૫૬
માથી બદલાવીને
સાવલિયા ભાસ્કરભાઈ બચુભાઈ
કરેલું છે. જેની સર્વોએ નોંધ લેવી.
સરનામું - બાલાપુર, બાલાપુર, અમરેલી, ગુજરાત, ૩૬૫૪૫૬

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં. ૨૨૮/૨૦૨૬

અરજદારશ્રી :- ગૌસ્વામી કરશનગીરી શંકરગીરી
સરનામું :- રે.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-રોહીસા
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના **રોહીસા** ગામના શ્રી **ગૌસ્વામી કરશનગીરી શંકરગીરી** એ તેમના **બહેન** નામે **કાળીબેન શંકરગીરી ગૌસ્વામી નું મરણ તા.૧૨/૦૬/૧૯૮૬** તથા **બહેન નામે કમળાબેન શંકરગીરી ગૌસ્વામી નું મરણ તા.૨૦/૦૫/૧૯૮૯** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી.બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૨ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૨/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી / કેસ નં. ૭૯ / ૨૦૨૬ — તા.૨૨/૦૭/૨૦૨૬

શ્રી વશરામભાઈ કડવાભાઈ સતાસીયા,
રહે.નાની મોણપરી, તા.વિસાવદર. જી.જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા. વિસાવદર
.........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વશરામભાઈ કડવાભાઈ સતાસીયા, રહે.નાની મોણપરી, તા.વિસાવદર, જી.જુનાગઢ એ તેમના પુત્ર શ્રી શૈલેષભાઈ વશરામભાઈ સતાસીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાણી મોણપરી, તા.વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાણી મોણપરી, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

### -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૮૦/૨૦૨૬

શ્રી ભીખુભાઈ નાગજીભાઈ ધોરાજીયા
રહે.હાથીગઢ તા.સાવરકુંડલા જી.અમરેલી .....અરજદાર

વિરૂધ્ધ :-
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-હાથીગઢ .......સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભીખુભાઈ નાગજીભાઈ ધોરાજીયાના પુત્રી સોનલબેન ભીખુભાઈ ધોરાજીયાનો જન્મ તા.૧૬/૦૪/૧૯૯૪ના રોજ હાથીગઢ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

### -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૯૪/૨૦૨૬

શ્રી ભાવેશભાઈ કનુભાઈ હેલૈયા
મુ.તા.લીલીયા મોટા જી.અમરેલી ..........અરજદાર

વિરૂધ્ધ :-
જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-લીલીયા મોટા ...... સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**


આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભાવેશભાઈ કનુભાઈ હેલૈયાનો પુત્ર પ્રિયાંશ ભાવેશભાઈ હેલૈયાનો જન્મ તા.૦૬/૦૯/૨૦૧૯ ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# અમેરિકાના શિકાગોમાં ગુજરાતી યુવકે દીકરીના બહાને બોલાવી પત્નીની ઘાતકી હત્યા કરી

કડી/શિકાગો,તા.૧૩



અમેરિકાના શિકાગોમાંથી એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. મૂળ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના વતની ૩૧ વર્ષીય અંકુર પટેલે પોતાની અલગ રહેતી પત્નીને ૫ વર્ષની પુત્રીને મળાવવાના બહાને બોલાવીને મોતના ઘાટ ઉતારી દીધી હતી. હત્યા કર્યા બાદ આરોપી ભારત ભાગી જવાની ફિરાકમાં હતો, પરંતુ પોલીસે તેને એરપોર્ટ પરથી જ ઝડપી પાડ્યો હતો.

અંકુર અને તેની પત્ની વચ્ચે વિવાદ ચાલતો હોવાથી પત્ની અલગ રહેતી હતી અને દીકરી અંકુર પાસે હતી. અંકુરે પત્નીને જાણ કર્યા વગર જ દીકરીને ભારતમાં પોતાના માતા-પિતા પાસે મોકલી દીધી હતી. ત્યારબાદ તેણે પત્નીને દીકરીને લઈ જવા માટે શિકાગો બોલાવી હતી. અંકુરે એપાર્ટમેન્ટ નજીકની એક દુકાનમાંથી ફોલ્ડિંગ છરી ખરીદી હતી અને દુકાનમાં જ ઘા મારવાની પ્રેક્ટિસ કરતો સીસીટીવીમાં ઝડપાયો હતો. પત્નીએપાર્ટમેન્ટમાં પહોંચતા જ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ અંકુરે છરી વડે પત્નીના ગળા પર વાર કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. બિલ્ડિંગ બહાર કારમાં રાહ જોઈ રહેલા પત્નીના સાથીદારે ૯૧૧ પર પોલીસને જાણ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

# સુરતના ઝુંપટપટ્ટી વિસ્તારમાં પ્રેમપ્રકરણમાં યુવક-સગીરાએ આપઘાત કરી લેતા અરેરાટી

**બે દિવસથી ગુમ બંનેના મૃતદેહ ખાડી કિનારે ઝાડ પર લટકતી હાલતમાં મળ્યા**

સુરત,તા.૧૩



સુરતના સંજયનગર ઝૂંપડપટ્ટી વિસ્તાર નજીક પ્રેમપ્રકરણમાં એક યુવક અને ૧૬ વર્ષીય સગીરાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. બંને છેલ્લા બે દિવસથી ઘરેથી ગુમ હતા અને પરિવારજનો તેમની શોધખોળ કરી રહ્યા હતા. આજે ૧૩ ઓગસ્ટના રોજ સવારે રામજીનગર સોસાયટી નજીક ખાડી કિનારે બીલીપત્રના ઝાડ પર બંનેના મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યા હતા. બનાવની જાણ થતાં લોકોના ટોળાં એકત્ર થઈ ગયા હતા. બંનેના ઘરથી આશરે ૫૦૦ મીટર દૂર આ ઘટના બની હતી. મૃતક યુવક ૨૪ વર્ષનો અને મૂળ દાહોદનો વતની હતો. તે દોઢ મહિના પહેલા રોજીરોટી માટે સુરત આવ્યો હતો. યુવકના અગાઉ બે લગ્ન થઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે. સગીરા સાથે તે છેલ્લા એક મહિનાથી મજૂરીકામે જતો હતો, દરમિયાન બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. પરિવારજનોને આ અંગે કોઈ જાણ નહોતી.

# જેપીએસસી-જેએસએસસી આંદોલનમાં પ્રેમ નાયકની ભૂખ હડતાળ ૧૧મા દિવસે પણ ચાલુ

રાંચી,તા.૧૩




રાંચીમાં જેપીએસસી અને જેએસએસસી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓની વિરૂધ્ધ વિદ્યાર્થીઓનું આંદોલન ૨૦મા દિવસ પણ ચાલુ રહ્યુ છે. ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થી પ્રેમ નાયકનો આજે ૧૧મો દિવસ છે અને તબિયત બગડવા છતાં તેમણે હડતાળ ચાલુ રાખવા નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓની મુખ્ય માંગણી પરીક્ષાઓમાં સીબીઆઇ તપાસ કરાવવાની છે. જેપીએસસી રિફોર્મ ફોરમના જીવન કુમારે કીધું કે સીબીઆઇ તપાસ સિવાય કોઈ સમાધાન સ્વીકારવામાં નહી આવે. સરકાર વિરોધ સ્થળ ખાલી કરાવવાનો પ્રયાસ કરી રહી છે પણ વિદ્યાર્થીઓ માંગણીઓ ન સ્વીકારાય ત્યાં સુધી પાછળ હટશે નહિ.

# વિદ્યાર્થીઓ પર ગોળીબારના વિરોધમાં તેજસ્વી યાદવ ૧૯મીએ લોક ભવન તરફ કૂચ કરશે

પટાણા,તા.૧૩



સીવાનમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમ્યાન એકે-૪૭થી થયેલા ગોળીબારની ઘટના સામે બિહારમાં રાજકારણ ગરમાયુ છે. આરજેડીના નેતા તેજસ્વી યાદવે જાહેરાત કરી છે કે ૧૯ ઓગસ્ટે પટનામાં આરજેડી મુખ્યાલયથી લોક ભવન સુધી વિશાળ કૂચ કાઢવામાં આવશે. તેમણે કીધુ કે નિર્દોષ વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા માટે તમામ વિપક્ષી દળો એક થઈ રહ્યા છે.

તેજસ્વી યાદવે પ્રશ્ન ઉઠાવ્યો કે વિદ્યાર્થીઓ પર એકે-૪૭ ચલાવવાનો આદેશ કોણે આપ્યો હતો? તેમણે આરોપ લગાવ્યો કે સરકારે માત્ર એક કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરીને જવાબદારી માંથી મુક્તિ મેળવી લીધી છે જ્યારે જવાબદાર પોલીસ અધિક્ષક સામે કોઈ કાર્યવાહી કરાઈ નથી. વડાપ્રધાન, મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ આ બાબતે મૌન ધારણ કરી લીધુ છે અને ઘાયલ વિદ્યાર્થીઓની મુલાકાત પણ નથી લીધી. આ મુદ્દો સંસદમાં ઉઠાવવા માટે તેમણે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવનો આભાર માન્યો હતો.

# ખડગેએ હલ્દવાનીમાં શુધ્ધિકરણનો મુદ્દો સંસદમાં ઉઠાવતા જેપી નડ્ડાએ તપાસની ખાતરી આપી

નવી દિલ્હી,તા.૧૩

સંસદના ચોમાસુ સત્રના અંતિમ દિવસે રાજ્યસભામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ઉત્તરાખંડના હલ્દવાનીમાં પોતાના ભાષણ બાદ કરવામા આવેલી કથિત 'શુધ્ધિકરણ' વિધિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખડગેએ કહ્યું કે તેમણે કોઈ ધર્મ વિરોધી વાત નથી કરી છતાં ભાજપના સભ્યોએ મંચ પર હવન કરી શુધ્ધિકરણ કર્યું, જે લોકશાહી અને બંધારણનું અપમાન છે.

આ મુદ્દે ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ જવાબ આપતા કીધું કે આ ઘટના ખરેખર દુ:ખદ છે. ભાજપ આવી કોઈ પ્રવૃત્તિઓનું સમર્થન કરતું નથી. નડ્ડાએ આ બાબતની સખત નિંદા કરીને ખાતરી આપી કે સમગ્ર મામલાની યોગ્ય તપાસ કરવામાં આવશે. કોંગ્રેસે આ ઘટનાને દલિત વિરોધી માનસિકતા ગણાવી વિરોધ નોંધાવ્યો છે.

# જેપીએસસી-જેએસએસસી કૌભાંડ મામલે આંદોલનકારી વિદ્યાર્થીઓના સમર્થનમાં રઘુવરદાસ ભૂખ હડતાળ પર ઉતરશે

રાંચી,તા.૧૩



ઝારખંડમાં જેપીએસસી અને જેએસએસસી ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ વિરૂધ્ધ વિદ્યાર્થીઓનું આંદોલન છેલ્લા ૨૦ દિવસથી ચાલુ છે. હવે પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા રઘુવર દાસ આંદોલનના સમર્થનમાં આવ્યા છે. તેમણે જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે વિદ્યાર્થીઓને સંબોધિત કરતા ચેતવણી આપી કે જો સરકાર એક અઠવાડિયામાં ગેરરીતિઓની સીબીઆઈ તપાસની ભલામણ નહિ કરે તો તેઓ ભૂખ હડતાળ પર ઉતરશે.

રઘુવર દાસે જેએમએમ સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ૨૦૨૪માં એક્સાઈઝ કોન્સ્ટેબલ ભરતીની શારીરિક કસોટી દરમિયાન જીવ ગુમાવનાર ઉમેદવારોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની માંગ પણ કરી છે. તેમણે પોલીસ અને વહીવટીતંત્રને વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ ન કરવા ચેતવણી આપી હતી.

# મહારાષ્ટ્રમાં એનસીપી શરદ પવાર જૂથ અને ભાજપ વચ્ચે વધતી નિકટતા વધતા રાજકીય ગરમાવો

**ભાજપ નેતા વિનોદ તાવડે એક જ કારમાં જોવા મળતા રાજકીય અટકળો તેજ**

મુંબઈ,તા.૧૩



મહારાષ્ટ્રના રાજકારણમાં શરદ પવાર જૂથ અને ભાજપના નેતાઓ વચ્ચે વધી રહેલી મુલાકાતોને કારણે નવી રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે. તાજેતરમાં શરદ પવાર અને સુપ્રિયા સુલેના નેતૃત્વમાં સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ સિવાય રેવતી સુલેના લગ્નમાં વડાપ્રધાનની હાજરી અને સુપ્રિયા સુલે તેમજ ભાજપ નેતા વિનોદ તાવડે એક જ કારમાં જોવા મળતા રાજકીય અટકળોને બળ મળ્યુ છે.

શિવસેના શિંદે જૂથના મંત્રી યોગેશ કદમે સંકેત આપ્યો કે જો શરદ પવાર એનડીએમાં જોડાય તો કોઈ આશ્ચર્ય થશે નહિ. જોકે આ મુલાકાતો માત્ર ઔપચારિક છે કે કોઈ મોટું રાજકીય ગઠબંધન આકાર લઈ રહ્યું છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# બિહારમાં દારૂબંધી અંગે ગુજરાત મોડેલ લાગુ કરવા જીતન રામ માંઝીની માંગણી

બિહાર,તા.૧૩



બિહારમાં ૨૦૧૬થી લાગુ દારૂબંધી કાયદા પર NCAER ના તાજેતરના અહેવાલ બાદ ફરી ચર્ચાઓ શરુ થઈ છે. કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ બિહારમાં દારૂબંધીનું 'ગુજરાત મોડેલ' લાગુ કરવાની માંગણી કરી છે. તેમણે કીધુ કે દારૂબંધી કાયદા હેઠળ આશરે ૧૨ લાખ લોકો પર કેસ નોંધાયા છે જેમાં મોટાભાગના ગરીબ છે.

એનસીએઈઆર અહેવાલમાં દારૂબંધી રદ કરીને નિયંત્રિત વેચાણ અને એક્સાઈઝ ટેક્સ સિસ્ટમ લાગુ કરવા ભલામણ કરાઈ છે, જેથી રાજ્યને આવકનું નુકસાન ન થાય અને ગેરકાયદે દારૂનો વેપાર અટકે. બીજી તરફ, જેડીયુએ સ્પષ્ટ કર્યું છે કે દારૂબંધી કાયદો રદ કરવામાં નહિ આવે. ગુજરાતમાં પ્રવાસીઓને પરમિટથી દારૂ ખરીદવાની સુવિધા મળે છે, જ્યારે બિહારમાં સંપૂર્ણ પ્રતિબંધ છે.

# કોલકાતામાં ટીએમસી નેતા કુણાલ ઘોષના ઘર અને ઓફિસ પર હુમલો

કોલકાતા,તા.૧૩



કોલકાતાના બેલેઘાટા (વોર્ડ નંબર ૨૮) વિસ્તારમાં ટીએમસી નેતા કુણાલ ઘોષના ઘર અને નજીકની ઓફિસ પર અસામાજિક તત્વોના એક જૂથે હુમલો કરી તોડફોડ કરી હતી. બદમાશોએ ઓફિસ બહાર લગાવાયેલા મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કુણાલ ઘોષના ફ્લેક્સ બેનર ફાડી નાખ્યા હતા અને અપશબ્દો બોલ્યા હતા. કુણાલ ઘોષે આ હુમલાને પૂર્વયોજિત ગણાવ્યો હતો. બદમાશો પહેલા તેમના ઘરે ગયા હતા અને તેઓ ત્યાં ન મળતા ઓફિસ તરફ ગયા હતા. પોલીસે ઘટના સ્થળના સીસીટીવી ફૂટેજ કબજે કરીને તપાસ શરુ કરી છે.

# ભાગેડુ વિજય માલ્યા અને બેંકો વચ્ચેનો વિવાદ ઉકેલવો જરૂરી: બોમ્બે હાઈકોર્ટ

**કોર્ટે ઈડીને જપ્ત કરેલી મિલકતોનો રિપોર્ટ રજૂ કરવા નોટિસ પાઠવી**

મુંબઈ,તા.૧૩



બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને એસબીઆઈ ની આગેવાની હેઠળના બેંકોના કન્સોર્ટિયમ વચ્ચેના વિવાદ અંગે મહત્વની ટિપ્પણી કરી છે. ન્યાયાધીશ મિલિંદ જાધવની બેન્ચે કીધું કે જો આ કેસનો ઉકેલ નહિ આવે તો દેશના અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે. ૨૦૨૦ની માલ્યાની અરજી પર સુનાવણી કરતા કોર્ટે ઈડીને જપ્ત કરેલી મિલકતોનો રિપોર્ટ રજૂ કરવા નોટિસ પાઠવી છે.


## તાલુકા એકઝી.મેજી.સાહેબ શ્રી લાઠીની કોર્ટમાં, મુ.: લાઠી

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી નવનીતભાઈ એન. મકવાણા — જન્મ/મરણ પરચુરણ અરજ નં. ૧૦૪/૨૦૨૬

**અરજદાર** :- શ્રી હિતેશભાઈ નરોતમભાઈ સૌંડાગર
ઉ.વ.આ. : ૪૬, ધર્મ: હિન્દુ, વ્યવસાય: લુહારીકામ
રહે. : C/O નવનીતભાઈ એન.મકવાણા, એડવોકેટ એન્ડ નોટરી
૩, સરદાર કોમ્પ્લેક્ષ, ન.પા.કચેરી સામે, દામનગર, તા.: લાઠી, જી.: અમરેલી
મોનં.: ૯૪૨૯૪ ૭૮૧૬૮

- //વિરૂધ્ધ//-

**સામાવાળા** :- શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી / તલાટી કમ મંત્રી શ્રી
ઈંગોરાળા ગ્રા.પં.કચેરી મુ.:ઈંગોરાળા, તા.લાઠી, જી.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓન આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાનાં લાઠીતાલુકાનાં ઈંગોરાળા ગામનાં રહીશ અરજદારનાં માતા **સ્વ.ભાનુબેન નરોતમભાઈ સૌંડાગરનું મરણ તા.૨૩/૦૩/૨૦૨૧નાં રોજ મોજે ઈંગોરાળા** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય / મરણની નોંધ કરાવવાનું રહી ગયેલ હોય, જેથી મરણ ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.:૦૪/૦૭/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમનાં મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.:૨૦/૦૮/૨૦૨૬નાં રોજ બપોરનાં 3-30 કલાકે વાંધા** તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુ. :- લાઠી
તારીખ :-

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝી.મેજીસ્ટ્રેટ
લાઠી


# પાક. સેનાના પ્રતિબંધ છતા બલુચોએ સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરી

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાનમાં બલૂચોએ ખુલ્લેઆમ બળવો કરીને બલૂચિસ્તાનનો સ્વતંત્રતા દિવસ મનાવ્યો છે. પાકિસ્તાની સેના દ્વારા ઈન્ટરનેટ બંધ કરવા અને સૈન્ય તૈનાત કરવા છતાં ક્વેટા, ગ્વાદર, તુર્બત અને કલાત જેવા શહેરોમાં ધ્વજ ફરકાવી રાષ્ટ્રગીત ગવાયું હતું. બલૂચ માનવાધિકાર કાર્યકર્તા મીર યાર બલોચે જણાવ્યું કે ૧૧ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ કલાત રાજ્યએ સ્વતંત્રતા ઘોષિત કરી હતી, જેના પર પાકિસ્તાને ગેરકાયદે કબ્જો કર્યો હતો. બલૂચ નેતાઓએ બલૂચિસ્તાનના ૮૫ ટકા ભાગ પર દાવો કરીને નવો રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત અને 'બલૂચી ફલ્લુસ' ચલણ જાહેર કર્યું છે. તેમણે વિશ્વના દેશોને અપીલ કરી છે કે બલૂચિસ્તાનને પાકિસ્તાનનો ભાગ ન ગણવામાં આવે. ૧૪ ઓગસ્ટે પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો નિર્ણય પણ લેવાયો છે.

# અમેરિકામાં ૧૭ વર્ષીય ભારતીય મૂળના સગીરે માતા અને ભાઈની હત્યા કરી

મેસેચ્યુસેટ્સ,તા.૧૩




અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યના એક્ટન શહેરમાં એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. જ્યાં ૧૭ વર્ષીય ભારતીય મૂળના કિશોર અર્જુન અરવિંદ પર તેની ૪૫ વર્ષીય માતા સુધા વેંકટેશન અને ૧૪ વર્ષીય નાના ભાઈ સિધ્ધાર્થ અરવિંદની હત્યા કરવાનો આક્ષેપ મૂકાયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૧ ઓગસ્ટે અર્જુનના પિતાએ પરિવારજનો સાથે સંપર્ક ન થતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘરે પહોંચી તપાસ કરતા પ્રથમ માળેથી ભાઈનો અને બેઝમેન્ટમાંથી માતાનો મૃતદેહ મળી આવ્યો હતો. બંને પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

ઘટના બાદ આરોપી અર્જુન તેની માતાની કાર લઈને ભાગી ગયો હતો. એક્ટન પોલીસ અને તપાસ એજન્સીઓએ સીસીટીવી સ્કેન કરીને બુધવારે વહેલી સવારે વેલેન્ડના એક પાર્કિંગ લોટમાંથી આરોપી અર્જુનની ધરપકડ કરી હતી. તેની સામે હત્યા અને વાહન ચોરી સહિતના ગુના નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.




# અમરેલીમાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો ભવ્ય પ્રારંભ

## ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં પોષણ કિટ વિતરણ, શોર્ટ ફિલ્મના વિજેતાઓના નામ જાહેર કરાયા, તિરંગા યાત્રા અને શિસ્તબધ્ધ પરેડ બાદ શસ્ત્ર પ્રદર્શન ખુલ્લું મુકાયું

અમરેલી,તા.૧૩

અમરેલી શહેરમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણીનો ભવ્ય પ્રારંભ થયો છે. રાજ્યકક્ષાની ઉજવણીને લઈને શહેરમાં ઠેર-ઠેર વિવિધ દેશભક્તિપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર અમરેલી શહેર હાલ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળી રહ્યું છે. શહેરમાં યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રામાં ૩૦૦ મીટરનો તિરંગો આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. તિરંગા યાત્રામા ધારાસભ્ય મહેશ કસાવાળા, જનક તળાવીયાની હાજરીમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને હાથમાં તિરંગો લઈને દેશભક્તિના નારા લગાવ્યા હતા. આ ઉપરાંત પોલીસ જવાનો તેમજ ચેતક કમાન્ડોની શિસ્તબધ્ધ પરેડે પણ લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલીમાં નાગરિકો માટે શસ્ત્ર પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે શસ્ત્ર પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ૧૩થી ૧૬ ઓગસ્ટ દરમિયાન યોજાનારા આ પ્રદર્શનમાં નાગરિકો, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓને પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા ઉપયોગમાં લેવાતા આધુનિક શસ્ત્રો અને વિવિધ સાધનોને નજીકથી નિહાળવાની તક મળી રહી છે. આ પ્રદર્શન દ્વારા સુરક્ષા દળોની કામગીરી અંગે લોકોને માહિતી અને જાગૃતિ મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.ચેતક કમાન્ડર એ.વી. ગોહિલે જણાવ્યું હતું કે શસ્ત્ર પ્રદર્શનમાં ગુજરાત પોલીસના વિવિધ વિભાગોના કુલ ૩૨ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. જેમાં ચેતક કમાન્ડોના આધુનિક શસ્ત્રોના ૧૦ સ્ટોલ, સ્ટેટ BDSના ૫ સ્ટોલ, મરીન કમાન્ડો ટાસ્ક ફોર્સના ૫ સ્ટોલ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના ૫ સ્ટોલ તેમજ અમરેલી જિલ્લા પોલીસના ૫ સ્ટોલનો સમાવેશ થાય છે. વિવિધ વિભાગો દ્વારા પોતાના ઉપયોગમાં લેવાતા સાધનો અને શસ્ત્રોની માહિતી પણ મુલાકાતીઓને આપવામાં આવી રહી છે.

શસ્ત્ર પ્રદર્શનનો મુખ્ય હેતુ યુવાનો અને વિદ્યાર્થીઓને સુરક્ષા દળો દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ પ્રકારના શસ્ત્રો અંગે માહિતી આપવાનો અને દેશની સુરક્ષા વ્યવસ્થા અંગે જાગૃતિ વધારવાનો છે. પ્રદર્શનની મુલાકાત લેનારા નાગરિકોને સુરક્ષા દળોની કામગીરી અને તેમની પાસે રહેલા આધુનિક સાધનો અંગે જાણકારી મળી રહી છે. જેના કારણે યુવાનોમાં પણ સુરક્ષા દળો પ્રત્યે રસ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રદર્શનમાં ચેતક કમાન્ડો દ્વારા ઉપયોગમાં લેવાતા કેટલાક અત્યાધુનિક શસ્ત્રો પણ રજૂ કરવામાં આવ્યા છે. ચેતક કમાન્ડર એવી ગોહિલના જણાવ્યા મુજબ 'વિધ્વંશક' નામના શસ્ત્રની રેન્જ આશરે ૨૪૦૦ મીટર છે. આ ઉપરાંત AGL એટલે કે ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર પણ પ્રદર્શનમાં રાખવામાં આવ્યું છે, જેની રેન્જ આશરે ૨૦૦૦ મીટર હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત કોર્નર ગન, સ્નાઈપર, AK-૪૭, MP5 અને ગ્લોક પિસ્તોલ સહિતના આધુનિક શસ્ત્રો પણ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. અમરેલીમાં રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો યોજાવાના છે. તિરંગા યાત્રા, પોલીસ પરેડ અને શસ્ત્ર પ્રદર્શન સહિતના કાર્યક્રમોને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં નાગરિકો વિવિધ કાર્યક્રમોમાં જોડાઈ રહ્યા છે. રાજ્યકક્ષાની ઉજવણીના કારણે અમરેલી શહેરમાં દેશભક્તિનો માહોલ છવાયો છે અને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને નાગરિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.










### અમરેલીમાં આજે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

અમરેલી નગરપાલિકા દ્વારા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન યોજના હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે સાવરકુંડલા રોડ પર આવેલા શેલ્ટર હાઉસ પટાંગણ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરશે. આ પ્રસંગે કૃષિ મંત્રી જિતુ વાઘાણી, ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અમરેલી નગરપાલિકાને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન યોજના હેઠળ રૂ. ૩ કરોડની ગ્રાન્ટ અંતર્ગત અમરેલી શહેરમાં ઓક્સિજન પાર્ક અને રોડ સાઈડમાં ૧૩ હજારથી વધુ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનથી શહેરને હરિયાળું બનાવવા અને પર્યાવરણનું જતન કરવાનો સંદેશ આપવામાં આવશે. નગરજનોને કાર્યક્રમમાં જોડાવા અપીલ કરવામાં આવી છે.



### અમરેલીમાં અખંડ ભારત સંકલ્પ સાથે બજરંગ દળની મશાલ યાત્રા



અમરેલીમાં ૧૪ ઓગસ્ટ અખંડ ભારત સંકલ્પ દિવસ નિમિત્તે બજરંગ દળ દ્વારા મશાલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો મશાલ યાત્રામાં જોડાયા હતા. મશાલ યાત્રા દરમિયાન અખંડ ભારતના સંકલ્પ સાથે દેશભક્તિના નારા લગાવવામાં આવ્યા હતા. ભારત ફરી અખંડ બને તેવા સંકલ્પ સાથે કાર્યકર્તાઓએ દેશભક્તિનો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો હતો. મશાલ યાત્રામાં જોડાયેલા લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. યાત્રા દરમિયાન દેશની એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.

### સાવરકુંડલા APMCમાં તિરંગા યાત્રા યોજાઈ



સાવરકુંડલા માર્કેટ યાર્ડ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી આ તિરંગા યાત્રામાં માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, ડિરેક્ટરો, સેક્રેટરી અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વેપારી મહામંડળના પ્રમુખ, વેપારીઓ તેમજ માર્કેટ યાર્ડ મજૂર યુનિયનના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સૌએ હાથમાં તિરંગો લઈને રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના સાથે યાત્રામાં ભાગ લીધો હતો. સમગ્ર માર્કેટ યાર્ડમાં દેશભક્તિના નારા સાથે ઉત્સાહપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનો સંદેશ આપ્યો હતો. તિરંગા યાત્રાને સફળ બનાવવા માટે માર્કેટ યાર્ડના સ્ટાફ અને આયોજકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### જાફરાબાદમાં તિરંગા યાત્રા યોજાઈ



જાફરાબાદ શહેરમાં આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં શહેર ભાજપ, તાલુકા ભાજપ, નગરપાલિકાના આગેવાનો, વિવિધ વિભાગોના અધિકારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.યાત્રાનો પ્રારંભ જાફરાબાદની પારેખ અને મહેતા હાઈસ્કૂલ ખાતેથી થયો હતો. હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને મોટી સંખ્યામાં નગરજનો, વિદ્યાર્થીઓ, આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. 'ભારત માતા કી જય' અને દેશભક્તિના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.




### આણંદના પૂર્વ અધિક કલેકટર સામે અપ્રમાણસર મિલકત કેસમાં ગૂનો નોંધાયો

અમદાવાદ,તા.૧૩

આણંદના તત્કાલીન કલેકટરના હનીટ્રેપ કેસથી વિવાદમાં આવેલા પૂર્વ રેસિડેન્ટ અધિક કલેકટર કેતકી વ્યાસની અપ્રમાણસર મિલકત કેસમાં અમદાવાદથી ધરપકડ કરવામાં આવી.હનીટ્રેપ કેસ બાદ મહિલા અધિકારીની મિલકતની તપાસ કરાતા આવક કરતા રૂ. ૩.૫૬ કરોડની વધુ મિલકત મળી આવતા એસીબીએ ગુનો નોંધ્યો હતો.

